॥ૐ॥

ધી સેલ્ફ મેજીકટીચર.

યાને

જાદુ શિક્ષક.

ભાગ ૧ લો.

બનાવનાર તથા પ્રગટ કરનાર.
ફોટોગ્રાફર. મોહનલાલ રણછોડજી.
ઉપાધ્યાય.
સીધ્ધપુર.

આવૃત્તિ ૧ લી.
અમદાવાદ.
ધીકાંટે—જયન્તિ પ્રિન્ટિંગ પ્રેસમાં
પટેલ. દેશાઈભાઈ હીરાચંદે છાપ્યું.
કીમત. ૦-૪-૦ કલદાર.

પ્રસ્તાવના.

સર્વે મુરબ્બી મહાશયોની સેવામાં સદરહુ પુસ્તક સાદર કરતાં આ નાનકડા પુસ્તકને ઉપોદ્ઘાતની જરૂર નથી તથાપી જનમંડળના સૌ કોઇ મનુષ્યને વિશેષ ઉપયોગી થવાના કારણથી જણાવ્યા સિવાય નથીજ ચાલતું કે લોકો અધુના જ્યાંત્યાં જાદુના હાથ ચાલાકીના ખેલો જોઈ ગુહ્ય વિચારમાં પડી અનેક તર્ક વિતર્ક કરે છે અને તે સંકાને એટલી બધી ઉંચી જગાનો ચાર્જ મળે છે. કે. આ અસાર સંસારમાં પીટાયા છતાં સર્વને કોરે મૂકી કેવલ જાદુના જૂઠા વહેમ માંજ ગુંચવાઇ આખરે મર્ણના શર્ણ થવાની અણી આવ્યા સૂધી તે દૃઢ શંકા તેમના મગજમાંથી ખસતી નથી સદર્હુ દીર્ઘ વહેમ અને બેહદ નુકશાનીનો અંત લાવવા સારૂ અમોએ અમારા બહોળા અને કીમતી

વખતનો વ્યય કરી કેટલાક મહાશય પ્રભુ ના અપાર આભાર તળે આવી સાર્વજનીક હીતાર્થે અને વહેમનો નાશ કરવાના દૃઢ નીશ્ચયથી સદરહું પુસ્તક બહાર પાડ્યું છે જેમાં દરેક માણસ જાદુના દરેક ખેલથી પોતે સ્વતંત્રપણે વાકેફ થઇ તેની કસોટી પોતેજ કાઢી શકે છે. છેવટે સર્વ સાહેબો પ્રત્યે મારી એટલીજ વિનતી છે કે એક વખત સદરહુ પુસ્તક ખરીદ કરી વહેમ અને થતા નુકશાનનો અટકાવ કરવા સમર્થ થાઓ જેથી મારી મેહેનતનો બદલો મને પુર્ણ રીતે મળ્યો એમ માની જગત નિયંતા પ્રભુનો અને આપ ગુરજી ગ્રાહકોનો આભારી થાઉ.

ભાષા તદન સરળ અને સહેલી રાખવામાં આવી છે જેથી હરકોઇને સુગમ પડે

લી૦ કર્તા.

ધી સેલ્ફ મેજીક ટીચર.

યાને

જાદુ શિક્ષક.

ભાગ ૧ લો.

પ્રકરણ ૧ લું.

બનાવટી સામાનના ખેલો તથા સામાન

બનાવવાની યુક્તિઓ.

પધારેલ સદ્‌ગૃહસ્થોની મિજમાની.

આ ખેલ મેજીસીઅનો જુદી જુદી રીત કરે છે. મેજીસીયન પોતે પ્રથમ એક ખુસો ભરેલ રકેબી બતાવે છે. અને

પ્રેક્ષકોની પુરતી ખાત્રી કરાવે છે. કે તેમાં કંઇ પણ નથી માત્ર ભુસોજ ભરેલ છે. ખાત્રી કરાવ્યા બાદ તે પોતે તે રકેબીને સ્ટેજ પરના એક ટેબલ પર મુકે છે. પછી એક બીજી ખાલી રકેબી લેછે. તે પણ સર્વેને ખાલી કરવાને જોવાને આપે છે. પ્રેક્ષકોની પુરતી ખાત્રી થયા બાદ તેણે પ્રથમ જે રકેબી ટેબલ પર મુકેલ (ભુસાવાળી) હોય છે તે હાથમાં લે છે. અને તેના પર પ્રેક્ષકોના દેખતાં પેલી ખાલી રકેબી ઢાંકે છે. પછી તે ટેબલ પર મુકી ઉપર મેજીકવોન્ડ (જાદુઇ લાકડી) ફેરવે છે. જેથી ઉપરની રકેબી ઉપાડતાંજ, પાન સોપારી ઇલાયચી. વિ. ચીજો નીકળે છે. જેથી જોનાર ગ્રહસ્થાની અજાયબીમાં પારજ રહેતા નથી.

બુસાસો-મેજીસીઅન આમેસ કરવા ને પ્રથમ ઊંડા ઘાટની બે રકેબીઓ રાખેછે. હવે એક રકેબીમાં પાન સોપારી. ઇલાયચી વિગરે ચીજો નાખી અરધી જગ્યા ભરેછે, બાદ તેનાપર એક ગોળ નતરાનો કકડો તેજણશોપર ઢાંકે છે. પછી તેપર લાકડાનો ભુસો નાંખે છે અને તે સર્વને બતાવે છે. (આથી કોઇ જાણી સકસે નહિ.) પછી તેના પર એક બીજી ખાલી રકેબી ઢાંકી જે વખતે તે મુંકવાને ટેબલ તરફ ફેરેછે તેજ વખતે તે રકેબીઓને ઉલટાવી નાંખેછે (એવી રીતકે હાલજે ઉપર મુંકી તે નીચે જાય અને નીચેની ઉપર આવે.) આથી ઉપરની રકેબી ઉપાડસે તો અંદરથી મીજબાનીની જણસો (પ્રથમથી જે ભરી રાખી હતી તે) નીકળસે.

૧ મેજીકવોન્ડ (જાદુઇ લાકડી) બારથી

થી પંદર તસુ લાંબો અને આસરે પોણો તસુ પહોળો એક સુસોભીત લાકડીનો કકડો હોય છે. અને તે મેજીસીઅનની મરજી મુંજબ સણુગારેલ હોય છે. જોનારાઓ ને તો એવીજ ખાત્રી કરી આપવી કે આ જે થાય છે. તે સઘળું મેજીકવોન્ડથીજ થાય છે. દરેક ખેલમાં મેજીકવોન્ડનો ઉપયોગ કરતાજ રહેવું જેથી જોનારાઓને તે પર પકી ખાત્રી બેસે. બાદ વહેમ દુર કરવા.

ચીનાઇ રૂમાલની ચાલકી અને ઈંડાની મુસાફરી.

મેજીસીઅનો આ ખેલ તરેહવાર રીતે કરે છે, પ્રથમ મેજીસીઅન પોતે એક રેશમી રૂમાલ લે છે. અને પ્રેક્ષકોના દેખતાં ખંખેરે છે. એવું જણાવાને કે તેની અંદર કંઇજ નથી. પ્રેક્ષકોને પુરતી

ખાત્રીથી સંતોષ થયેલ જોઇને મેજીસી-
અન પોતે તે રૂમાલને બે હાથના વચ્ચે
લે છે. અને થોડે થોડે ઈંડું બનાવતો
હોય તેમ લોકોને જણાવવાને બંને હાથ-
થી ગોટાના આકારમાં વાળે છે. જ્યારે
બધો ગોટો કરી દે છે ત્યારે એક હાથમાં
રાખી ઉપર મેજીકવૅાન્ડ ફેરવે છે. જેથી
અકસ્માત તેનું ઈંડું થયેલ જોવામાં આવે
છે. અને જોનારાઓને નવાઇ લાગે છે.

ખુલાસો—આ ખેલ કરવાને મેજીસી-
અન પ્રથમ એક પોકલ ઇંડું તૈયાર
બનાવી રાખે છે. અને તે તૈયાર કીધે
લાઇડાને ખેલ કરતી વખતે રૂમાલના
છેડાપર અંગુઠા સાથે સંબંધ કરી ગુપ્ત
રીતે પકડી રાખે છે. અને કોકટ પ્રેક્ષકોનો
વહેમ દુર કરવાને ખંખેરે છે. બાદ જે
વખતે તે બંન્ને હાથ ભેગા કરેછે. તેજ
વખતે પેલુ પોકલ ઇંડું બંને હાથો વચ્ચે

ગુપ્ત રીતે મુંકી દેછે. અને જે રૂમાલ હોય છે. તે તેમાં હલકે હલકે ખાલી દેછે. પરંતુ કોઇ જાણી સકતું નથી. ને પાછી દડુ બતાવે છે.

ચીનાઈ રૂમાલની ચાલાકીથી રૂમાલનું ઉડવું

આ ખેલ મેજીસીઅનો બહુ બહુ રીતથી કરી શકતા નથી પંરતુ તે માત્ર એકજ રીત છે. પ્રથમ મેજીસીઅન એક રૂમાલલે છે અને પ્રક્ષકોને સ્ટેજ પરથી નીચે આવી બતાવે છે. બાદ તે રૂમાલને બંને હાથો વચ્ચે નાખી ગોળ કોકડું કરવાને થોડ થોડ મસળે છે અને વચ્ચે વચ્ચે મેજીકવોન્ડ ફેરવતો જાય છે બાદ જ્યારે પુરૂં કોકડું કરી રહે છે ત્યારે મેજીકવોન્ડ ફેરવી બંને હાથો

છુટા કરી દેખાડે છે ને રૂમાલ ગુમ થયેલ લાગે છે. અને જોનારાઓ અદ્ભુ તાજુબ થાય છે.

ખુલાસો-પ્રથમ એકજ જાતના બે રૂમાલ મેજીસીઅન લે છે. હવે એક રૂમાલને કોટના અંદરના પડમાં અગર બુટમાં કે તેવીજ બીજી ગુપ્ત જગ્યાએ પ્રથમથીજ છુપાવી રાખે છે. અને એક રૂમાલને બહાર રાખે છે. હવે ખેલ કરતી વખતે જે રૂમાલ નો ગોટો કરે છે. તે રૂમાલને મેજીકવોન્ડ ફેરવતાં મેજીકવોન્ડ સાથેજ ટેબલપરની ખાડાવાળી જગ્યામાં મુકી દેછે. એવી રીતે કે પ્રથમતો મેજીકવોન્ડ હાથમાં રૂમાલ હોય છે, અને ફેરવે છે અને જયારે રૂમાલનો પુરેપુરો ગોટો થાય છે. ત્યારે ડાબા હાથની મુઠી ફોકટ વાળી રાખી રૂમાલને જમણા હાથમાં લેછે. અને મેજીકવોન્ડ લેવાને જે વખતે હાથને લં

આવે છે તેજ વખતે પેલા રૂમાલને ટેબ-લપર નાંખી દેછે. અને મુઠીપર મેજીક-વેન્ડ ફેરવી મુઠીને ખુલ્લી કરી દે એ-ટલે રૂમાલ માલુમ પડતો નથી. પછી પેલો છુપાવેલ રૂમાલ કાઢે છે. અગર નળી કાઢનો.

સુચના—યાદ રાખવું કે રૂમાલને જ્યાં નાંખેછે, તે જગ્યા ભાડી હોય છે અને તેનાપર મેજીકવેન્ડ મુકે છે જેથી મેજીકવેન્ડ ઉપાડતાં રૂમાલ તેમાં મુકી દેછે. કોઈ પણ જાણી શકતું નથી. અને રૂમાલ પણ બારીક નાનો રાખે છે

વીરનો અદ્દભુત ચમત્કાર.

મેજીસીઅન પોતે સ્ટેજપર એક રકેબીમાં નવ ટીનના કકડા લઈને આવે છે. કે જેને તે વીર કહે છે. હવે સ્ટેજપર કોઇ બે સભ્ય ગૃહસ્થોને બોલાવે છે. અને

એકના હાથમાં પ્રથમ ત્રણ પીસીસ આપે છે. અને બીજાને છ આપે છે. હવે એક રૂમાલ લાવી જેની પાસે ત્રણ પીસીસ હોય છે તે લેછે. અને રૂમાલની અંદર બાંધી પકડવાને આપે છે. હવે એક રકેબી લેઇ જેના પાસે છપીસીસ આપેલ હોય છે તેના પાસે મોટેથી રકબીમાં નંખાવી ગણવાને સુચના આપે છે. તે ગણી રહે છે કે તુરતજ તે રકેબીને તેના બંને હાથ ખુલ્લા કરાવી અંદર ઠાલવી દે છે. અને મજબુત દબાવી રાખવાની સુચનાઓ આપે છે. હવે જેણે રૂમાલ પકડી રાખેલ છે. તેને પણ સજજડ પકડવાને કહે છે. અને કહે છે. કે હું મેજીકવોન્ડ ફેરવી વન, ટુ. થ્રી. કહું તેજ વખતે તમે તે રૂમાલને છોડી દેજો. આટલું કહી તે ટેબલપરથી મેજીકવોન્ડ લેછે. અને બંને રેકેજપર આવેલ ગૃહસ્થોના ઉપર ફેરવે

છે. પછી રૂમાલનો એક છેડો પકડી વન ટુ થ્રી કહે છે. જેથી પેલો માણસ તેને છુટો મુકી દેછે. એટલે મેજીસીઅન પોતે લોકોનો વહેમ દુર કરવાને તેને બહુ બહુ ખંખેરે છે. તો પણ અંદર પકડેલ ત્રણ પીસીસ (વીર) માલુમ પડતા. નથી, પછી જેણે પોતાના હાથમાં પ્રથમથી છ પીસીસ (વીર) પકડી રાખ્યા હોય છે. તેની મુઠી ખુલી કરાવે છે. તો અંદરથી નવ પીસીસ (વીર) નીકળે છે જેથી પ્રેક્ષક વર્ગમાં મોટી હસાહસ થઇ પડે છે.

ખુલાસો–આ ખેલ કરવાને માટે મેજીસીઅન પ્રથમજ જે રૂમાલ ખેલમાં ઉપયોગ કરવાનો હોય છે તે રૂમાલને છેડે ત્રણ પીસીસ.

(વીર) ને મજબુતાઇથી સાંધીલે છે. અને તે રૂમાલનો ઉપયોગ કરે છે. હવે

જે વખતે તેણુ સ્ટેજપર આવેલ ગૃહ-
સ્થના હાથમાંથી ત્રણુ પીસીસ (સાંક)
લીધા. અને રૂમાલની અંદર બાંધવાને
અંદર હાથ નાંખ્યો તેજ વખતે પેલા
સાંધેલ છેડાપરના પીસીસ, વચ્ચે છેડા
સહુ સુંક્યા અને જે છુટા હતા તે છુપી
રીતે હાથમાં કાઢી લીધા. અને પેલાને
રૂમાલ પીસીસ (સાંધેલા) સહુ પકડ
વાને આપ્યા. હતા. જેથી તે જાણી શ-
ક્યો નહિ. હવે તેણુ જે તે ત્રણુ પીસીસ
લીધા. તે લઇને ટેબલ પાસે સ્કુળી લેવા
ગયો તેજ વખતે હાથમાં સ્કુળીના નીચે
તે ત્રણુ પીસીસને પાડી નાખ્યા હતા.
હવે છ પીસીસ તેના હાથમાં હતા.
તેની પાસે સ્કુળીમાં નાંખી ગણાવ્યા.
અને પાછા આપતી વખતે પેલા નીચે
છુપા રાખેલ ત્રણુ પીસીસ પણુ અંદર
નાંખી દીધા. (ખરૂં જોતાં તો આ

વખતેજ તેના હાથમાં નવ ચીરીસ થઇ ગયા છે પણ કોઇ જાણી શક્યું નથી. હવે એજીકવાન્ડ ફેરવી પૈસો રૂમાલ ખંખેરે તોપણ ક્યાંથીજ નીચે પડે? કારણ તેમાં જે બાંધી આપ્યા હતા તેતો મજબુત સાંધેલ હતા. તથી ગમે તેટલો ખંખેરે પરંતુ નીચે ક્યાંથી પડી જાય.

કોટન અને કુઇનો અજાયબી તમાસો.

મેજીસીઅન પોતે એક ગ્લાસ લેઇ. અને પ્રેક્ષક વગેરે બતાવવાને તે સ્ટેજ પરથી નીચે આવે છે. સર્વેને બતાવ્યા બાદ તે સ્ટેજપર પાછો જાય છે. અને ડુસના ભાગમાં કેટ રૂ ભરેલ બોક્ષ ટેબલપર મુકેલ હોય છે. તેની પાસે ઉભો રહી પૈસા ટીનના ખાલી ગ્લાસમાં રૂ ભરે છે અને ખાલી કરે છે. એવી

રીતે પાંચ સાત વખત કરી છેવટે ગ્લાસ બોક્ષમાં રાખી પુરતું રૂ ભરે છે. અને પછી તે ગ્લાસને ટેબલપર મુકી ઉપર એક રૂમાલ ઢાંકે છે. અને પછી કેટલીક વાર મેજીકવોન્ડ તેનાપર ફેરવી રૂમાલને ઉપાડી લેછે. તો ગુમ થઇ તેનું દુધ થયેલ લાગે છે. પછી તે દુધને ટીનના ગ્લાસ-માંથી કાચના ગ્લાસમાં પ્રેક્ષકોને બતા-વવાને નાંખે છે. જેથી જોનારાઓ અ-જાયબીમાં પડે છે.

ખુલાસો—મેજીસીઅન આ ખેલ કરવાને પ્રથમથી છેટના ટેબલ પર એ કબોક્ષમાં કેટલુંક રૂભરીને. તથા એકટી નના ગ્લાસમાં અરધું દુધ અને તેની પર રૂ ગોઠવીને તૈયાર કરી મુકેછે. હવે તેનાજ જેવો પ્રેક્ષક વર્ગને એક ખાલી ગ્લાસ બતાવે છે. અને પેલો ગ્લાસ ઉ-પાડી લેવાની રાહમાં ખાલી ગ્લાસમાં

વખતો વખત રૂ ભરે છે ને ખાલી કરે છે. અને છેવટે તે ખાલી ગ્લાસ બોક્ષમાં મુકી અંદર તૈયાર કરી રાખેલ ગ્લાસ ઉપાડી લે છે. અને ટેબલ પર મુકી રૂમાલ ઢાંકે છે. અને મેજીકવૉન્ડ ફેરવી રૂમાલ ઉપાડતાની સાથેજ પેલુ રૂ પણ લેઇ લે છે. અને પછી અંદરનુ દુધ કાચના ગ્લાસમાં નાંખે છે.

ગ્લાસમાંથી રૂપિયાનું ઉડવુ અને બીજા હાથના ખાલી ગ્લાસમાં જવુ

મેજીસીઅન એક રૂમાલ અને બે ટીનના ખાલી ગ્લાસ લેઇ સ્ટેજ પર આવે છે. અને પછી જોનારાઓમાંથી એક ગૃહસ્થને ઉભો કરી સ્ટેજ પર બોલાવે છે. હવે પ્રેક્ષક વર્ગમાંથી એકના પાસેથી

એક રૂપીઆ લેઇ અને રૂમાલને રૂપિયા
પ્રેક્ષક વર્ગને બતાવે છે બાદ એક ગ્લાસ
ટેબલ પરથી લેઇ સ્ટેજ પર આવેલ ગૃ-
હસ્થના હાથમાં આપે છે અને તેમાં
રૂપિયા નાંખી ઉપર રૂમાલ ઢાંકી સદર
ગૃહસ્થને [illegible] રાખવાને સુચના કરે
છે બાદ ટેબલ પરથી તે (મેજીસીઅન
પોતે) એક બીજો ખાલી ગ્લાસ પોતા-
ના હાથમાં લે છે અને મેજીકવોન્ડ લે-
વી પેલા રૂમાલ ઉપાડતાંજ તે રૂપિયા
તેના બીજા હાથમાં પકડેલ ખાલી ગ્લા
સમાં મોટા અવાજ સાથે પડે છે અને
જોનારાઓને તે રૂપિયો આપે છે તો તે
સહુ જોયેલજ માલુમ પડે છે જેથી ન
વાઇ લાગે છે

ખુલાસો—આ ખેલ જાહેરમાં મુક-
વાને માટે મેજીસીઅન પોતે પ્રથમ એક

રૂમાલને નીચેની યુક્તિથી તયાર કરે છે. પ્રથમ એક રૂમાલ લે છે અને તેમાં વચ્ચેના ભાગમાં દોરાસહ સોય ઘાલે છે અને દોરાનો કકડો લટકતો રાખી તેના છેડા પર ચીણુ ચોટી અને પ્રથમજ એક રૂપિયો ટંગાવા મુકે છે બાદ તે રૂમાલને ટેબલપર મુકી ખેલનો આરંભ કરેછે, હવે જે વખતે તેણુ બોલાવેલ સદ્‌ગ્રહસ્થના હાથમાં ગ્લાસ આપેલો અને રૂપિયો નાખવાના ખોટા ઢોગથી ગ્લાસ ઉપ જ પેલો રૂપીઆ સહનો રૂમાલ ઢાંકેછે, અને ખખડાવાનુ કહેછે આથી તે રૂપિયો અંદર ખખડેછે પરંતુજે રૂપિયો પ્રેક્ષક વર્ગ પાસેથી લીધેલ હોય છે. તેરૂપિયો તો તેના ડાબાહાથની હથેળીમાં દબાવી પછી ખાલી ગ્લાસ ઉપાડે છે-અને મેજીકવોન્ડ ફેરવી.

સ્ટેજપરના ગૃહસ્થ પાસેના ગ્લાસ. ઉપરથી રૂમાલ ઉપાડતાંજ ડાબા હાથમાં પકડેલ ગ્લાસમાં હથેળીમાંનો રૂપિયો મુકીદે છે. જેથી અવાજથી પડે છે. અનેજે ગૃહસ્થના હાથમાં ગ્લાસમાંનો રૂપિયો ખખડતો હતો તેરૂમાલ ઉપાડતાંજ રૂમાલ સાથેજ ચાલ્યો જાય છે. જેથી તેણે પકડેલ ગ્લાસ ખાલી દેખાય છે. અને બીજામાં રૂપિયો માલુમ પડે છે.

વીંગની માહાભારત મુસાફરી.

મેજીસીઅન એક રૂમાલ અને વીંટીલેઇ સ્ટેજપર આવે છે. અને પછી જોનાર ગૃહસ્થોમાંથી એકાદને બોલાવે છે. અને પેલી વીંટી તેને આપી મંડળીને બતાવવાનું [illegible] મંડળીને તે વીંટી-

બતાવ્યા બાદ તે સ્ટેજપર પાછો આવે છે.ત્યારે મેજીસીઅન એક રૂમાલલેઇ મં-ડળીને ખંખેરી બતાવે છે. બાદ સ્ટેજપર આવેલ. ગૃહસ્થ પાસેથી વીંટી લેછે. અને રૂમાલની અંદર બાંધી આપે છે. પછી તે સક્ષ્સ પાસે મજબુત પકડાવી કહે છેકે હુંવન, ટુથ્રી. કહું તેવારે તમે વીંટી મુંકીદજો. પછી તેમેજીકવોન્ડ ફેરવી વન ટુ,થ્રી કહેવાની તૈયારીમાં રૂમાલનો એક છેડો પકડે છે. અને વન, ટુથ્રી ક-હેતાંજ પેલો રૂમાલ છોડી દેછે એટલે મેજીસીઅન તેને ખંખેરી બતલાવે છે. તો તેમાંથી વીંટી ગુમ થયેલ લાગે છે. પછી તે વીંટી કોઇ બીજી જગ્યાએથી કાઢી બતાવે છે. જેથી બહુ આશ્ચર્ય પામે છે. ખુલાસો—આખેલ કરવાને મેજીસી-યન પ્રથમથી ખાનગીમાં એક રૂમાલ લેઇ

તેનાછેડે એક વીંટીને સજડ સાંધી કાઢે છે. બાદ તેના જેવીજ એક બીજી વીંટી અને તેજ રૂમાલ ખેલના ઉપયોગમાં વાપરે છે. જે ગૃહસ્થને તેણે બોલાવી વીંટી આપી હતીતે વીંટી રૂમાલમાં વીંટાળી આપવાને તેના હાથમાંલે છે; અને તે રૂમાલમાં વીંટતો હોય તેવો ઢાંગકરી પેલી છેડાની વીંટી વચ્ચે વીટાળી આપી તેના હાથમાં મજબુત પકડ વાને આપે છે. અને અસલીવીંટી ગુપકીથી ઉપાડી લેઇ જેજગ્યા એથી કાઢવી હોયત્યાં ગોઢવીદે છે. પછી વીંટી પકડનાર ગૃહસ્થ પર મેજીકવોન્ડની ક્રિયા ચલાવે છે; અને આખરે રૂમાલ ખંખેરે છે તો પણ વીંટી માલુમ પડતી નથી; (ખરૂં જોતાં વીંટી તો પ્રથમજ ઉપડી ગઇ છે. અને જે તેણે પકડી હતી તે રૂમાલ સાથેજ ચાલી ગઇ એટલે કયાંથી પડે.

ગ્લાસનું ગેબ થવું.

આ ખેલ માટે મેજીસીઅન એક ગ્લાસ અને રૂમાલ તૈયાર રાખેછે ગ્લાસ પ્રેક્ષક મંડળને દેખાડવાને સ્ટેજપરથી નીચે આવેછે. અને પછી તેમની ખાત્રી થયેલ જાણી તે સ્ટેજપર પાછો જઇ ગ્લાસને ટેબલ પર મુકેછે. હવે એક રૂમાલ લેઇ પ્રેક્ષક મંડળને ખંખેરી બતલાવેછે. અને પછી તેને ટેબલપર મુકેલ ગ્લાસપર ઢાંકેછે. અને મેજીકવાન્ડ ફેરવવા માંડેછે. મેજીકવાન્ડની ક્રિયા પુરી કર્યા બાદ ટેબલપર મુકેલ ગ્લાસ રૂમાલ સાથે ઉપાડેછે. અને સ્ટેજની અગાડી આવી ટેબલપરથી ઉપાડેલ ગ્લાસને હલાવેછે. અને એક હાથે રૂમાલનો એક છેડો પ-

કડી વન. ટુ, થ્રી. કહી રૂમાલ ખંખેરી નાખેછે. તો અકસ્માત ગ્લાસ ગેબ થઇ ગએલ જોઇ મંડળીની અજાયબી નો પાર રહેતો નથી.

ખુલાસો—મેજીસીઅન પ્રથમથી ખા નગી એક જાડા રૂમાલમાં ગ્લાસના મોં જેવડોજ વાળો ગોળ કરી રૂમાલની મધ્ય વચ્ચે સાંધી.કાઢેછે. અને જે ટેબલપ રગ્લાસ મુકવાનો હોયછે. તે ટેબલમાં ગ્લાસ અંદર આવે તેવડુંજ બાખોરૂં પ્રથમથી તૈયાર કરી તેનાનીચે એક કપ ડાની કોથળી ટંગાવેછે. હવે તે મેજીસી અને પ્રેક્ષક વર્ગને ગ્લાસ બતલાવી ટેબલ પરમુંકયો. અને ઉપર પેલો તૈયાર કરેલ રૂમાલ ઢાંકયો. બાદ મેજીકવોન્ડની ક્રિયા પુરી થઇ ત્યારે તે ગ્લાસ ટેબલપરથી ઉ- પાડવાને હાથ લંબાવ્યો. તેજ વખતે

રૂમાલનીચેના ગ્લાસને ટેબલમાંના બા-ખોરામાં નાંખીદેઇ માત્રગ્લાસનો આકાર દેખાવા જેવો તૈયાર કરેલ રૂમાલજ ઉ-પાડયો. અને સ્ટેજ અગાડી આવી એક હાથે રૂમાલનો છેડા પકડી ખંખેર્યો એટલે ગ્લાસ ઉડીગયો (ખરૂં જોતાં ગ્લાસતો રૂમાલ લીધો તે વારેજ ટેબલના બાખો-રામાં નાંખી દીધો છે. મંડળીને ગ્લાસ જેવો દેખાવ રૂમાલમાંના વાળાને થયો જેથી જણાયું નહિ કે આ ગ્લાસ નથી.)

વહેરનો ચાબનવો.

આખેલ કરવાને મેજીસીઅન બે,ટી-નના ખાલી ગ્લાસો લેઇસ્ટેજ પરથી નીચે આવે છે, ને પ્રેક્ષક વર્ગને ખાત્રી કરાવે છેકે તેની અંદર કંઈજ સક ભરે-

શું નથી. બાદને સ્ટેજ પર પાછો જઇ એકટેબલપર લાકડાના ભુસાની ભરેલી બોક્ષ હોયછે. તેની પછવાડે ઉભો રહી એ ગ્લાસોમાં વહેર ભરે છે ને ખાલી કરે છે. એવી રીતે પાંચ સાત વખત મંડળીનો વહેમ દુર કરવાને ભરી ભરીને ખાલી કરે છે. બાદ છેવટે તે બે ટીનના ગ્લાસો વહેર ભરેલ તૈયાર કરી આગળ મુકેલ ટેબલપર અલગ અલગ મુકી દેછે. બાદ તે પર ઢાંકણાં અગર રૂમાલ ઢાંકી મેજીકવોન્ડ ફેરવી તે ઉપાડતાની સાથેજ ઉનો ઉનો તૈયાર કરેલ ચા નીકળે છે. અને તે જોનાર ગૃહસ્થોમાંના કેટલાકને પીવાને પણ આપે છે. આ અજાયબ ગત થયેલ ચા જોઇ જોનાર મંડળીની ખુશીમાં વધારો થાય છે.

ખુલાસો—મેજીસીઅન પ્રથમથી બ-

હુજ ઊંનો ઊંનો ચા તૈયાર કરી ટીન-ના ગ્લાસની અર્ધ ભાગ સુધી ભરી મુકેછે. બાદ તેપર ઢાંકણું ઢાંકી અંદર ભુસો ભરી જે બોક્ષ ટેબલપર ભુસાની ભરી મુકેલ હોય. છે. તેની અંદર આ તૈયાર કરેલ બે ગ્લાસો ગોઠવી રાખેછે. અને પેલા ખાલી ગ્લાસના બદલામાં આ (ચાવાળા) ગ્લાસો ઉપાડી ટેબલ પર મુકે છે. એટલે ચા નીકળે છે.

ટીપ—(ચા ઉપર અરધ ભાગમાં મુકવાના ઢાંકણા નીચેની ક્યાથી બનાવવાં-કટોઆળી-ની જે મુડી આવે છે અને તેને જુદાં કરવાથી બે ઢાંકણાં થાય છે; તેવાજ ગ્લાસોના અરધા ભાગ સુધી આવે તેવાં બે ઢાંકણાં તૈયાર કરવાં અને વચ્ચે ઝીણું કાણું કરી તાર લેવો જે ઉપર રૂમાલ ઢાંકી ઉપાડતી વેળાએ તાર સહ ઢાંકણાં સાથે આવે.

ચીનાઇ રૂમાલ અને જાદુઇ બોક્ષ.

મેજીસીઅન એક ચીનાઇ રૂમાલ અને ખાલી બૉક્ષ માત્ર ચારજ બાજુ એથી જડેલી લેઇને આવે છે: અને તેના પર આવે તેવડોજ એક ઢાંકણાં તરીકેનો પાટીઆનો ટુકડો રાખેલ સર્વને બતલાવેછે. અને તે ટુકડાને તળીઆના ભાગપર રાખી તેમાં સર્વના દેખતાં પેલો ચીનાઇ રૂમાલ મુકે છે અને પછી નીચેનું ઢાંકણું પાછું ઉપાડી લઇ સર્વને બતલાવેછે. તો રૂમાલ ગુમ થયેલ હોયછે. અને બોક્ષ તદન ખાલી માલુમ પડે છે. પછી સદર બોક્ષમાંથી ગુમ થયેલ રૂમાલ મેજીસીઅન બુટમાંથી કે કોટના અંદરના ભાગમાંથી કાઢી બતાવે છે.

તેથી જોનારાઓ બહુજ અજાયબીમાં લીન થઇ જાય છે.

ખુલાસો—મેજીસીઅન પોતેજ ખાલી પેટી લેઇને આવે છે. તેમાં એક બાજુ પર સીધું પાટીયાનું પડ હોય છે. તે પડ જ્યારે નીચેનું ઢાંકણા માટે રાખેલ પાટીયું મુકે છે ત્યારે આ પડ ખુલી જાય છે. અને રૂમાલ તેમાં જતો રહે છે. અને જ્યારે પાટીયું લઇ લેછે ત્યારે અંગુઠાના દબાણથી તે પડ પણ એક બાજુ પર બંધ થઇ જાય છે; એ પડ માટે પેટીના એક બાજુના પાટીઆ સાથે બીજું પાટીયું હેઠથી જોડાઇ દેવાનું રાખવું જોઇએ. આ પ્રમાણેથી બહુ સહેલાઇથી ખેલ થઇ શકશે.

લાકડાના ભુસાનાં અકસ્માત ફુલથવ

મેજીસીઆનો આ ખેલ કરવાને માટે આવે છે. ત્યારે એક ટીનની થાળીમાં વહેર ભરેલો બતાવે છે. અને પછી એક ખાલી થાળી બતાવે છે. તે બતાવી ખાલી થાળીને ભુસો ભરેલ થાળીપર ઢાંકે છે. અને ટેબલપર મુકવાને પાછો ફરે છે. તે ટેબલપર મુકી ઉપર થોડીક વખત મેજીકવાન્ડ ફેરવી ઉપરની એક થાળી ઉપાડી લેછે. તો અકસ્માત હાર, તોરા, ફુલ, વિગરે નજરે પડે છે. જે જોઇ જોનારાઓની અચરતીનો પાર રહેતો નથી.

ખુલાસો—આ ખેલ કરવાને મેજી-સીયન જુદી રીત પ્રથમ એક ઊંડા થા-

ટની થાળી લેછે. અને તેની અંદર હાર, તોરા, ફુલો વિગરે અરધ ભાગ સુધી ભરે છે. અને તેના ઉપર એક ટીન ના પતરાનો ગોળ કકડો ઢાંકી ભુસો નાંખે છે. બાદ પ્રેક્ષક વર્ગને બતાવી જે વખતે ખાલી થાળી તેનાપર ઢાંકી પાછો ફરે છે; તેજ વખતે તે બંને થાળીઓની ઉલટ સુલટ બદલા બદલી કરી દેછે. અને ટેબલપર મુકે છે બાદ મેજીકવોન્ડ ફેરવી ઉપરની થાળી ઉપાડતાંજ અંદરથી (પ્રથમથી ભરી મુકેલ) ફુલો નીકળી આવે છે.

ઘુઘરાને એકદમ બોલાવી ઉડાવી દેવા

મેજીસીઅવ આ ખેલ કરવાને પાંચ

ઘુઘરા લાવે છે અને રંગ ભુમીપરથી નીચે ઉતરી પ્રેક્ષકવર્ગને બતાવે છે. બાદ તેને સ્ટેજપર જઇ એક બોક્ષમાં સર્વના દેખતાં નાંખે છે. અને તે બોક્ષ ટેબલપર મુકે છે. પછી તેના સામે ઉભો રહી સર્વને પોતાના હાથ ખાલી બતાવે છે બાદ પેટી સામેથી હાથ લેઇ એક-દમ મુંઠી વાળી ઘુઘરાને ખખડાવે છે. થોડીક વાર ખખડાવી. વન. ટુ. થ્રી. કહી મુંઠી ઉઘાડે છે. તો ઘુઘરો ગુમ થયેલ લાગે છે. એવી રીત પેટીમાંના પાંચે ઘુઘરા બોલાવીને ગુમ કરી દેછે. અને છેવટે જ્યારે પેટી ખાલી થયેલ બતાવે છે. ત્યારે જોનાર મંડળી બહુજ તાજુબ થાય છે.

ખુલાસો—મેજીસીઅન પ્રથમ પોતા-ની કોણિપર એક ઘુઘરો બાંધેલો રાખે

છે. અને પછી બીજા પાંચ ઘુઘરા લાવી પ્રેક્ષક વર્ગમાં બતાવી ડબલ કેસવાળી પેટી કે હાલ જે તદ્દન જાહેર થઇ ગઇ છે. (જે માણસ ઉશાડવાની હોય છે તેવી) પરંતુ નાની પેટીમાં મુકે અને તે ઉલટાવવાથી ઘુઘરા બીજા ખાનામા જતા રહે; બાદ તે બોક્ષમાં ઘુઘરા મુકે-લાતે દુર ઉભો રહી એક દમ ઝડપથી તેની તરફ હાથ કરી ખોટા ઢોંગથી મુંઠીમાંનો ઘુઘરો ખખડાવવાની કોસીસ માટે તે પોતાનો બધો હાથ હલાવે છે. જેથી પેલો કોણીપર બાંધેલ ઘુઘરો ખખડે છે. પરંતુ પ્રેક્ષકો તો એમજ ધારે છે. કે આ પેટીમાંથી આવેલ ઘુઘરો ખખડે છે; પછી હલકેથી મુંઠીને ખુલી મુંકી દેછે, તો ઘુઘરો બે માલુમ થઇ જાય છે

કુબેરનો ભંડાર યાને ખાલી પેટી-માંથી બહુ ચીજો કાઢવી.

મેજીસીઅન પ્રથમ એક પેટી સ્ટેજ પર લાવે છે, અને તે જોનાર સર્વ મંડળીને બતાવે છે. અને તેમની ખાત્રી કરાવે છે કે તે પેટી ખાલીજ છે. બાદ તેના પર એક ઢાંકણું ઢાંકી ઉપર રૂમાલ નાંખી મેજીકવાન્ડ ફેરવે છે. અને થોડી વારે ઉપાડી તરેહવાર ફુલ મેવા, જેવી ચીજો કાઢે છે. જે જોઇ જોનાર મંડળી બહુજ અજાયબ થાયછે.

ખુલાસો—આ ખેલ માટે મેજીસીઅન પ્રથમ જે પેટી લાવે છે, તેની અંદર બે ખાનાં રાખેલ હોય છે. તે બનાવવાને પ્રથમ તો બે તરફથી ખુલ્લાં

ઓની હોઠી લાકડાની પેટી બનાવે છે. પછી તેની વચ્ચો વચ્ચ એક પાટીયું જડી દેછે. અને બે તરફનાં ઢાંકણાં ઢાંકવાનાં રાખે છે. હવે એક ખાનામાં ફુળ અને મેવા જેવીજ બીજી પરચુરણ જણુસો ભરે છે અને તેનું ઢાંકણું બંધ કરી દેછે. હવે જે વખતે તે મંડળીને ખાલી બતાવી ઢાંકણું ઢાંકી ટેબલ પર મુકતાં તેના પાસંનો અદલ બદલ ફેરફાર કરી દે છે. જેથી ઉપરનું ઢાંકણું ઉઘાડતાંજ અંદરથી મથમથી ભરેલ ચીજો નીકળે છે.

ત્રણ બાંધેલ ચોરનું અકસ્માત સટકી જવું.

મેજીસીઅન ત્રણ લાકડાના ગોળા લાવે છે અને સ્ટેજ પર આવી

હોય બે સદ્દગૃહસ્થોને સ્ટેજપર બોલાવે છે અને પેલા લાવેલ ગોળા જોવાને આપે છે. તેમની વહેમમાંથી મુક્ત થયેલ નજર જોઈ તે ત્રણ ગોળાને એક દોરીની અંદર પોરવે છે અને બે બોલાવેલ માણસોના હાથમાં તે દોરીનો એકએક છેડો આપી મજબુત પકડવાનું કહે છે. હવે મંડળીના દેખતાં તે ગોળા ઉપર સામાસામી દોરીની ગાંઠ બંધાવે છે. બાદ કેટલોક ઢોંગ કરી તે ઉપર જોરથી લાકડી મારે છે. તો દોરી એમને એમ રહેતાં ત્રણે ગોળા જમીન ઉપર નીકળી પડે છે આથી પ્રેક્ષક વર્ગ બહુજ અચંબો પામે છે.

ખુલાસો—મેજીસીઅન આ ખેલ માટે એક દોરી—અરધી અરધી બેવડી કરી સામા સામી બે દોરીઓ લાવે છે

અને તે બંનેની એક અળગ દોરી કર-
વાને વચ્ચે કાચો તાર બાંધી એનો સં-
બંધ મેળવે છે. આ દોરીમાં પેલા ત્રણ
ગોળા પોરવી થોડાક થોડાક દુર રાખી
બે માણસો પાસે પકડાવે છે. અને તે
દોરીનો એક એક છેડો સામા સામી
આપે છે. એટલા માટે કે ગોળા નીચે
પડયા પછી પણ દોરી બરોબર દેખાય
જો સામા સામી ગાંઠ વાળવાના બા-
નાથી દોરીનો એક એક છેડો ન આપે
તો બે દોરિઆ જુદી જુદી થઇ જાય.
જેથી ખેલમાં ફતેહમંદ નીવડાય નહિ.
તેટલા માટે તે ગાંઠ વાળવાની યુક્તિ
વાપરે છે. પછી એક જોરથી લાકડી
મુંકતાંજ ગોળા નીચે પડી જાય છે.
અને દોરીઆ જેમની તેમજ રહે છે.
જોવા આવેલ તો શું પણ તે દોરી પ-
કડનાર પણ જાણી શકતા નથી.

હુકમ પ્રમાણે ચાલનાર મેજીક બોલ.

મેજીશીઅન આ ખેલ કરવાને જ્યારે સ્ટેજપર આવે છે ત્યારે સાથે એક દોરીમાં પોરવેલ મોઇના આકારનો અરધો ફુટ લાંબો લટુ (ગોળો) લેતો આવે છે. હવે સર્વ મંડળીને તે બતાવી પછી સ્ટેજપર રહી દોરીનો એક છેડો અંગુઠાને મજબુત બાંધે છે અને ઉપરનો છેડો એક હાથમાં પકડી રાખે છે. પછી તેને છેક ઉપરના ભાગમાં લેઇ મુંકી દેછે તો એકદમ ખસી નીચે આવે છે. પ્રથમ બે ત્રણ વખત આમ કરેછે. પછી તેને છેક ઉપર મુંકી હુકમ કરે છે. કે ખડા રહે. કે તુરતજ બીન આધારે દોરીપર ઉભો રહે છે; જરા સા નીચા ઉતર. કહેતાં નીચે ઉતરે છે.

આ પ્રમાણે જે હુકમ મેજીસીઅન પોતે ફરમાવે છે તેમ ચાલે છે. તેથી જોનારને બહુજ નવાઇ લાગે છે.

ખુલાસો—આ ખેલ કરવાને મેજીસીઅન એક લાકડાનો ગોળો બનાવી તેમાં એક દાહુ સાર પાડે છે. અને જે દોરીમાં પોરવેલ હોય છે. તે દોરી બતીની હોય છે. તે દોરી ખીંચવાથી પાતળી થાય છે ને ખોલી મુંકવાથી પાછી ગુછાદાર થાય છે. હવે જે વખતે મેજીસીઅનને મેજીકબોલને હુકમ કરવો હોય છે કે ખડા રહે તે વખતે પેલી ઊંગથી હાથમાં પકડેલ દોરીને નીચી કરે છે જેથી તેની જાડાઇમાં વધારો થાય છે. એટલે ગોળો અાકી પડેછે. આ પ્રમાણે છતાં કોઇ જાણી શકતું નથી.

જાદુઇ રૂમાલ અને હિંદિ ફલોવર.

મેજીસીઅન આ ખેલ માટે એક

ફુલ અને રૂમાલ લેઇને રંગ ભુમીપર આવે છે. બાદ ગૃહસ્થોમાં બતાવી તેને બળાવી નંખાવે છે. અને તેની (રાખ) એક બંદુકની અંદર ભરી એક ટેબલ પર પડેલ કાચના ગ્લાસ તરફ ધરી અવાજ કરે છે તો અકસ્માત તે પડેલ કાચના ખાલી ગ્લાસમાં તેજ રૂમાલ અને ફુલાવર આવી જાય છે. આ જોઇ પ્રેક્ષકવર્ગમાં બહુજ નવાઇ ફેલાય છે.

ખુલાસો—મેજીસીઅન આ ખેલ જાહેરમાં મુકવાને પ્રથમ એક ગ્લાસ લેઇ તેને હોલ (બાકુ) નીચેથી કરે છે અને જે ટેબલપર તે ગ્લાસ મુકવાનો હોય છે, તે ટેબલમાં પણ એક હોલ કરે છે બાદ ટેબલપર ગ્લાસ મુકી—ઉપરના ભાગથી છેક ટેબલના નીચેના ભાગ સુધી એક દોરો ઘાલેલ હોય છે. તે દોરાના ગ્લાસમાંહેલા છેડાને રૂમાલ

તથા ફુલોવર બાંધેલું રાખે છે. અને તે તૈયાર બાંધી રાખેલ છેડો ટેબલની બહાર લટકતો કોઇ ન દેખે તેમ રાખી મેલે છે. હવે તે ટેબલ નીચેનો છેડો તેના એક ખાનગી મદદગારના હાથમાં આપે છે અને કહે છે કે હું જ્યારે થ્રી કહુને બંદુકનો અવાજ કરૂં કે ત્વરાથી નીચેનો છેડો ખેંચવો. આ પ્રમાણે કરવાથી ગ્લાસમાં ફુલ અને રૂમાલ એકદમ આવી જાય છે.

ગેબી બેન્ક કવર

મેજીરીઅન એક બે પુંઠાની ખાલી ચોપડી લેઇને રંગભુમીપર આવે છે. અને તેની અંદર નાચેના ખેલો કરે છે.

ગંજીફાના પાનાને બાળીતેની રાખ કરી અંદર મુકવાથી સાજુ થશું. ગં-

જીરૂાનું પાનુ એકને દેખાય તો બીજાને ન દેખાય. એકને ગંજીફાનું પાનું દેખાય તો બીજાને છબી દેખાય એકને બેઆની દેખાય તો બીજાને દોઢીયું દેખાય. એકને પાવલી દેખાય તો બીજાને અડઘો દેખાય અંદર રૂપિયો મુકે તો ગુમ થાય અંદર લખેલ કાગળ રાખેલો કોરો થાય કાગળનો ભુસો મુંકે તો આખો કાગળ થાય. એમાં મુકેલ પાનું એકને એક જાતનું ને બીજાને બીજી જાતનું દેખાય પાઈ મુકે તો બેઆની થાય વિગરે જેવા ડસ ખેલ ફકત આ બે પુંઠાની ચોપડીથી કરે છે. જેથી જોનારાઓની અજાયબીનો પાર રહેતો નથી.

ખુલાસો—મેજીસીઅન આ કવર બનાવવાને પ્રથમ ત્રણ સરખા પુઠાના કકડા તૈયાર કરે છે. અને જેમ ચોપડીઓનાં પુઠાં બંધાય છે તેમ પ્રથ-

મ તો બે પુઠાંને જોડીને સાંધે છે. બાદ જે ત્રીજુ રહ્યું તેને ઉઘાડવાનું હોય છે ત્યાંના ઉપરના ભાગ સાથે (આ ત્રીજા પુંઠાનો) સંબંધ કરેલ રાખે છે. પછી તેને સુસોભીત કરવાને તે પર તરેહવાર કાગળો ચોડે છે. અને પછી બંને ખાનામાં સરખા કાગળો ખાનાના આકારથી ચોઢેલ રાખે છે. તેમાં કોઇ જણસ મુંકાવી પુંઠાને ઉઠાવીને બતાવે તો બીજુ ખાનું ખાલી હોય છે. તેજ નજરે પડે છે દરેક વખત જે ચીજ કાઢવી હોય તે પ્રથમથી ગોઠવી રાખવી

ખાલી ભુંગળીમાં પુંક મારવાથી મોંઢાનું રંગાઇ જવું.

મેજીસીઅન એક ટીનના પતરાની કરેલ ભુંગળી લઇને સ્ટેજ પર આવેછે

અને પ્રેક્ષક વર્ગમાંથી એકાદ માણસને સ્ટેજ પર બોલાવી ઉભો કરે છે. પછી તેને પુછે છે કે તમે કેટલી મીઠાઇ ખાઇ શકશો? આથી જોવા આવેલ તો એમજ જાણે છે કે શી આપીને જોવા આવ્યા છીએ માટે તેનું સાટું વળે તેટલી કહેલી. એમ ધારી કહે છે. તેનો જવાબ મળતાં મેજીસીઅન જે ટીનની ભુંગળી લાવેલ હોય છે. તેનું એક ઢાંકણું ઉઘાડી અંદર મીઠાઇ ખાનારની પાસે ફુંક મરાવે છે; તો કંઇ થતું નથી બીજી વખત જ્યારે તેવીજ ફુંક મારવાનું કહે છે. અને મીઠાઇ ખાનાર જેવી જોસથી ફુંક મારવાને જાય છે. તેવુંજ તેનું બધું મોઢું કાળું થઇ જાય છે. અને મીઠાઇ ખાઇ ચાહેલા જાય છે. ત્યારે પ્રેક્ષક વર્ગમાં મોટી હસાહસ ફેલાઇ રહે છે.

ખુલાસો—મેજીસીઅન આ ખેલ કરવાને જે ભુંગળી લાવે છે તેમાં મધ્ય વચ્ચે એક ગોળ ટીકડી ચોડી સળંગ ભુંગળીના બે ભાગ અલગ અલગ રાખે છે. આવી રીતે કરીને બે બાજુનાં બે ઢાંકણાં વાસવાનું કરે છે. પછી એક ભાગના પાસામાં કોલસાની બહુ બારીક વાટેલ રજ ભરે છે અને એક ભાગ ખાલીજ હોય છે. એટલે કંઇ થતું નથી પરંતુ ચુપકીથી જ્યારે તે ભુંગળીના છેડાનો અદલ બદલ કરી બીજી વખતે પ્રથમ માફક ફુંક મરાવે છે. ત્યારે અંદર ભરેલ કોલસાની રેતી ફુંકના જોસથી ઉડે છે અને મોઢું રંગાઇ રહે છે

બાળેલ લેખનું સાજું થવું

મેજીસીઅન એક કોરી નોટ લેઇને

સ્ટેજ પરથી જોનાર મંડળી પાસે આ વી કોઇ એક ગૃહસ્થની પાસે કોઇ પણ લેખ લખાવે છે અને પછી તરતજ તે ચોપડી લઇ લેઇ તેમાંથી તેના લખેલ લેખનું પાનું ફાડી આપે છે અને તે પાનાને બાળાવી તેની રાખ બંદુકમાં ભરી લેખ લખાવેલ ચોપડી ટેબલપર મુંકી તેની સામે અવાજ કરે છે ને પછી તે ચોપડીમાંથી તેનાજ જેવા લેખ લખેલ પાનું ફાડી આપે છે આ જોઇ જોનાર બહુ અચંબો પામે છે.

ખુલાસો-આ ખેલ માટે જે નોટમાં લેખ લખાવવો હોય છે તે પાનાના નીચેના તળીએ એરંડા તથા મેસ ઘસીને તૈયાર રાખે છે તેનો એવો ગુણ છે કે ઉપરના કાગળમાં લખે તો વચ્ચેનો (જે તૈયાર કરેલ છે તે) કાગળ એમને એમ રહેતાં નીચેના બીજા કાગળમાં તેજ


અક્ષરો પડી જાય છે. આ પ્રમાણે સદ્
ગૃહસ્થે લખેલ લેખની બે કાપી થાય-
છે તેમાંની એક ફાડી બાળીની નાંખી
રાખ કરે છે. અને પછી બ'દુકમાં ભર-
વાનો ઢોંગ કરી અવાજ કરે છે. તો સા
મી ચોપડીમાં તેજ લેખ લખેલ હોય
છે) તે આવિ જાય છે. (ખરૂં જોતાં પ્ર-
થમથીજ તેમાં તો આવેલ છે, તે પછી
ફાડી આપે છે.

જાદુઈ લાકડીનો ભેદ ભરેલો તીલેસ્માત.

મેજીસીઅન પોતાનો મેજીકવોન્ડ લા
વે છે. અને સર્વે જોનારાઓને બતાવવા
ને આપે છે. પછી પાછો લઈ પોતાના
બંને હાથો વચ્ચે રાખી જમણા હાથ-
નો પંઝો પકડી લાકડીને જમણા હાથ-

માં બીન આધારે રાખે છે આથી જો-
નારાઓને નવાઇ લાગે છે.

ખુલાસો—આ ખેલ કરવાને માટે મે-
જીસીઅન પોતાના મેજીકવોન્ડને બંને
હાથો વચ્ચે રાખી જે વખતે જમણા
હાથના પંજો ડાબા હાથે પકડે છે. તેજ
વખતે ત્યાંથી ડાબા હાથની તર્જની (પ-
હેલી) આંગળી મેજીકવોન્ડ નીચે રાખે
છે કે જેથી તે મેજીકવોન્ડ ત્યાં ચોટી ર-
હે છે પરંતુ હાથ જમીન તરફ વધારે
ઢળતા રાખે છે તેથી કોઇ દેખી શકતું
નથી.



પ્રોફેસરના સ્ટેજ પર કરવાના તૈ-
યાર કીધેલા સામાનના ખેલોના
ખુલાસા તથા સામાન બનાવવા-
ની યુક્તિઓ પાછલા પ્રકરણમાં
આપી ગયા છીએ.

હવે ગંજીફાના હાથચાલાકીના, અને
તૈયાર કીધેલ ગંજીફાના ખેલો આપીએ
છીએ.

પ્રકરણ ૨ જું.

હાથ ચાલાકી જેમાં આવેલી છે તેવી
યુકિતઓ. તથા તૈયાર કીધેલ પાનાનો
અજાયબ જેવો કીસ્સો.

અઠ્ઠાની ફુદીઓ થવી, વળીબધાંએ

કાળાં થવાં, વળી રાતાં થવાં, પાછા અ-
ઠ્ઠા થવા મેજીસીઅન સ્ટેજપર એક ગં-
જીફા લેઇને આવે છે; તેમાંથી ચાર અઠ્ઠા
તથા ચોકડીની દુરી બહારકાઢી ટેબલપર
મુકે છે. પછી જોનારાઓને ચાર અઠ્ઠા
તપાસવાને આપે છે. તેઓની ખાત્રી થયા
બાદચારે અઠ્ઠાલેઇ પાછી ગંજીફાપર સ-
ર્વના દેખતાં મુકી. પેલી બહાર કાઢેલ
ચોકડીની દુરી પાછી પ્રેક્ષક વર્ગને બતાવી
ટેબલપર મુકે છે. હવેજે ચાર અઠ્ઠા ગંજી
ફાપર મુકેલ હોય છે તે લે છે. અને પ-
ખાની માફક ફેલાવી બતાવે છે. બાદ
તેમાંથી એક અઠ્ઠો કાઢી તેની જગ્યાએ
ચોકડીની દુરી ગોઠવે છે તો તુરતજ
બધીએ દુરીઓ થઇ ગયેલ લાગે છે.
બાદ અઠ્ઠો લેઇ કહે છે કે હવે બધાં
એ કાળાં કરૂં છું. એમ કહી કાળા ક-

પડાને હાથ અડકાડી બતાવે છે તો બધાંએ કાળાં થએલ દેખાય છે. પછી અડ્ડાને નીચે મુકી દુરી લેઇ કહે છે કે હવે લાલ કરવાને લાલ કપડાને અડકવું જોઇએ એમ કહી લાલ કપડાને હાથ અડકારે છે કે તુરતજ બધાંએ પાનાં લાલ દેખાય છે પાછી દુરી ટેબલ પર મુકી આડી લે છે અને થોડીકવારમાં મેજીકવોન્ડ ફેરવી બતાવે છે તો બધાએ પાછા અડ્ડા થયેલ લાગે છે આ જોઇ અજાયબીમાં લીન થાય છે.

ખુલાસો—મેજીસીઅન આ ખેલ કરવાને માટે પ્રથમથી ત્રણ પાના તૈયાર કરી રાખે છે. લાલ કાળી અને ચોકડીના અડ્ડામાંથી દોઢા અરધો અરધ ભાગની ટીપકીઓ કાઢી નાંખે છે. અને તે કોરી બાજુના છેડા પર કુ-

રીના ધારની વચ્ચેજ એક એક ટીપકી ફુલી લાલ, અને કાળીની ટીપકીઓ ચીતરી કાઢે છે. આવી રીતે ત્રણ તૈયાર કીધેલ પાનાને ગંજીફાના તળીએ રાખે છે. પછી ગંજીફાને તેના હાથમાં લેઇ ખરેખરા ચાર અઠ્ઠા વીણી કાઢી પ્રેક્ષક વર્ગને બતાવી ગંજીફા પર પાછા મુકે છે. તેજ વખતે કીલાવર (ફુલી) નો અઠો સર્વના ઉપરજ રાખી મુકે છે. હવે પેલી ચોકડીની દુરિ બતાવવાને આપે છે. તે જોવાને મંડળીનું ધ્યાન ખીંચાયું હોય છે. તે વખતે પેલાં તૈયાર કીધેલ નીચેનાં ત્રણ પાનાં ઝડપથી ઉપર લાવિ દે છે; પછી ચોકડીની છરી લેઇ ટેબલ પર મુકે છે. અને ગંજીફા પરના ચાર પાનાં લઇ પંખાવી

માફક દેખાવે છે. એટલે ચારે અઠ્ઠાજ દેખાય છે. (પરંતુ ખરૂં જોતાં તેમાં ઉપરનાં ત્રણ બનાવટી અને એક ખરો ફુલેચરનો અઠો માત્રજ છે) હવે ફુલેચરનો અઠો કાઢી નાંખી ચોકડીની દુરી લેઇ પાનાંને ઉલટાવી નાંખે છે. અને ઉપરજ ચોકડીની ખરી દુરી મુકે છે આ પ્રમાણે વખતો વખત ઉલટસુલટ કરવાથી પાનાંમાં ફેરફાર થાય છે.

પંઝાના એકા, એકાનાં કોરાં અને પાછા પંઝા થવા.

ખેલાડી ગંજીફાને સ્ટેજપર લાવેછે. અને તેમાંથી ચાર પઝા તથા કાળીનો એકો તથા એક સાફ કોરૂં રાખેલ પાનું કાઢી ટેબલપર મુકેછે. સર્વને ચારે પંઝાછે એ-

વી ખાત્રી કરાવી પાછા ગંજીફાપર મુ-
કેછે. અને પેલા કાળીના એકા તથા સા-
ફ કોરૂં પાનું ફરીને જોવાને મંડળીમાં
આપેછે. બાદ તે પાછોલાવી ટેબલપર
મુકેછે. અને ગંજીફાપર મુકેલ પેલા ચા-
રેપંઝાઓ પોતાના હાથમાં લેઇ પંખાની
માફક ફેલાવી બતાવે છે. પછી તેમાંથી
એક કાળીનો પંઝો કાઢી લઇ ટેબલપર
મુકી તેની જગ્યાએ કાળીના એકાને ગો-
ઠવેછે. તો બધાએ એકા દેખાયછે. વળીએ
કા કાઢી લઇ કોરૂં પાનું ગોઠવેછે. તો બ-
ધાએ કોરાં દેખાય છે. પાછો કાળીનો પં
ઝો લઇ કોરા પાનાને ટેબલપર મુકી પં-
ઝો મુકે છે તો પાછા બધાએ પંઝા મા-
લુમ પડે છે બાથી જોનારાઓ બહુજ
તાજુબ થાય છે.

ખુલાસો—મેજીસીઅન આ ખેલ

માટે કાળી સિવાયના ત્રણ પંઝા કાઢી તે પંઝાની એક બાજુપરના બન્ને હાથ્થા સમુદ્રશીણવત્તીબસી કાઢેછે અને તે તૈયાર કીધેલા ત્રણ પંઝાને ગંજીફાના તળીએ રાખે છે અને તે પર તેની ટચલી આંગળી રાખી મેલે છે. હવે જે વખતે પંઝાને પાછા ઉપર મુંકે છે તે વખતે સર્વના ઉપર કાળીનો પંઝા રાખેલ હોય છે પછી જ્યારે કોરૂં પાનું તથા કાળીનો એક્કો મંડળીને જોવાનેં આપે છે. અને તેઓનું ધ્યાન તે જોવામાં ગુંથાયું હોય છે તે વખતે મેજીસીઅન પોતે નીચેનાં ત્રણ પાનાને ઝડપથી ઉપર લાવી દે છે. અને મંડળાએ લીધેલ પાનાં જોઇ પાછાં આપે છે તે ટેબલ પર મુકી ઉપરથી ચાર પાનાં કાળીના પંઝા સહુ ઉપાડે

છે અને પંખાની માફક ફેલાવી બતા-
વે છે તો ખરા પંઝાજ દેખાય છે. પછી
કાળીનો પંઝો કાઢી તેની જગ્યાએ કા-
ળીનો એક્કો મુંકી પાનાને ઉલટાવી દે
છે તો બધાએ એક્કા થાય છે. એ પ્રમા
ણે વખતો વખત ઉલટ સુલટ કરવાથી
જુદાં જુદાં પાનાં દેખાય છે.

તગા બતાવી એક્કા બગા અને કોરાં કરી પાછા તગા કરવા.

મેજીસીઅન એક ગંજીફો લાવી તે
માંથી ચારે રંગના તગા કાઢી ટેબલપર
મુંકે છે વળી કાળીનો એક્કો અને કોરૂં
પાનું કાઢીને તે પણ ટેબલ પર રાખે
છે. બાદ જોનાર મંડળીને પેલા તગા
જોવાને આપે છે ને તગાને ગંજીફાપર
મુકે છે હવે બધી મંડળી પાના જોઇ

રહે છે. ત્યારે ગંજીફા પરથી ચારે તગા પાછા ઉપાડી લેછે અને સર્વને પંખાના આકારમાં ફેલાવી બતાવે છે. પછી અંદરથી કાળીનો તગો કાઢીં નાંખી તેની જગ્યાએ કાળીનો એકો મુકે છે તો બધાએ એકા માલુમ પડે છે પાછો એકો કાઢી કોરૂં મુકે છે તો બધાંએ કોરાં દેખાય છે. પાછો તગો મુકવાથી બધાએ તગા થઇ જાય છે. આ જોઇ જોનારને આશ્ચર્ય લાગે છે.

ખુલાસો—આ ખેલ કરવાને માટે મેજીસીયન પ્રથમ કાળીના તગા સિવાયના ત્રણ તગા લે છે. બાદ દરેક તગાની એક એક બાજુ પરનો એક એક દાણો સમુદરીણ વતી કાઢી નાંખેલ રાખે છે. પછી તે તૈયાર કીધેલ ત્રણ પાનાને ગંજીફાના તળીએ મુકી રાખે છે.

અને જયારે પ્રેક્ષક વર્ગ કાળીનો એકો તથા કોરૂં પાનું જોવાના ધ્યાનમાં હોય છે. તે વખતે આ ત્રણ પાનાને ઝડપથી ઉપર આણી દેછે; પછી કાળીના તગા સહુ ઉપરથી ચાર પાનાં લેઇ બતાવે છે તો બધાએ તગાજ લાગે છે. પછી તેમાં અદલ બદલ ફેર ફાર કરવાથી જુદાં જુદાં પાનાં થાય છે.

રાજાની એકદમ રાણીઓ થઇ જવી

ખેલાડી એક ગંજીફા લઇને આવેછે. અને તેમાંથી ચારે બાદસાહ તથા એક લાલની રાણી કાઢી ટેબલપર મુકે છે. પછી મંડળીને પ્રથમ ચાર બાદસાહ બતાવે છે. તે પાછા લેઇ લાલની રાણી બતાવવા આપે છે. તે પાછી લેઇ ટેબલ

પર મુકે છે. અને ગંજીફા પર જે ચાર બાદશાહ મુકેલ હોય છે તે પાછા હાથ માં લઇ પંખાની માફક ફેલાવી જોનાર મંડળી તરફ ધરે છે. પછી પાછા બંધ કરી લાલનો બાદશાહ અંદરથી કાઢી ટેબલ પર મુકી લાલના રાણીને તેની જગ્યાએ મુકે છે. એટલે બધી રાણીઓ દેખાય છે. પછી રાણીને ટેબલ પર મુકી તેની જગ્યાએ બાદશાહને ગોઠવે છે. તો બધાએ બાદશાહ દેખાય છે; આ જોઇ જોનાર બહુ તાજુબીમાં પડે છે.

ખુલાસો—મેજીસીઅન પ્રથમ લાલ સીવાયના ત્રણ બાદશાહ તથા રાણીઓ કાઢે છે. અને એક ધારવાળા ચપુથી રાજાનો તેમજ રાણીઓનો અરધો અરધો ભાગ કાઢી નાંખે છે. અને તે કાઢી નાખેલ ભાગમાં રાણીનો ઉખેડેલો અરધો

રાજાના પાનાપર ચોડી તૈયાર કરે છે. એટલે અરધમાં રાણી અને અરધમાં બાદસાહ એ પ્રમાણે દરેક પાનાં લાગે છે. આવાં ત્રણ તૈયાર કરેલ પાનાં ગંજીફાના તળીએ રાખી મેલે છે. અને મંડળી જ્યારે રાણીનું પાનું જોવાના ધ્યાનમાં હોય છે તે વખતે આ નીચેનાં ત્રણ પાનાં ત્વરાથી ઉપર આણી દેછે. પછી મંડળી પાસે જે રાણી હોય છે તે લઇ ટેબલપર મુકે છે. અને ગંજીફાપરનાં ચારપાનાં લેછે. તે પંખાની પેઠે ખુલો કરી બતાવે છે. તો ચારે બાદશાહ દેખાય છે પછી લાલનો ઉપરનો બાદસાહ કાઢી લાલની રાણી મુકે છે. અને પેલાં પાનાંને ઉલટાવીને ફેરવી દેછે. આ પ્રમાણે ફેર ફારથી જુદાં જુદાં પાનાં માલુમ પડેછે.

ગંજીફાપર મુકેલ બાદસાહની જગયાએ એકા થાય અને એકાની જગયાએ બાદશાહ થાય.

મેજીસીઅન એક ગંજીફા લઇ આવે છે અને તેમાંથી ચાર બાદસાહ તથા એકા કાઢી બંને હાથમાં ચાર ચાર પાનાં રાખી પ્રેક્ષકવર્ગને બતાવે છે. બાદ બાદસાહને ગંજીફાપર મુકી પેલા એકાંને એક ટેબલપર મુકે છે પછી સર્વના દેખતાં એક ખાલી રૂમાલ ટેબલપરના એકાપર ઢાંકે છે. અને પછી મેજીકવૅાન્ડ ફેરવી રૂમાલ ઉપાડી લેઇ પાનાં બતાવે છે. તો બાદસાહ દેખાય છે. અને ગંજીફામાંથી બતાવે છે તો એકા દેખાય છે આ ફેરફાર અકસ્માત થયેલ જોઇ જોનાર મંડળી બહુજ નવાઇ પામે છે.

ખુલાસો—મેજીસીઅન પ્રથમ એક ધારવાળો ચપ્પુ લઇ ગંજીફામાંથી કાઢેલ બાદસાહ તથા એકાના ઉપરનાં પાતળાં પડ ઉખેડી કાઢે છે. અને તે પડને એકાનાં કાઢેલ પડના પછવાડે ચોઢી કાઢેલ રાખે છે એટલે તે એવી રીતે થાય છે કે આ બાજુએ જોઇએ તો એકા દેખાય અને પાછળ જોઇએ તો બાદસાહ દેખાય આ તૈયાર કીધેલ પાનાં ડાબા હાથમાં રાખી એકાની બાજુ ચત્તી મંડળી તરફ રાખી બતાવે છે. અને ગંજીફામાંથી બાદશાહ કાઢી એક હાથમાં રાખી બતાવે છે. બાદ બાદસાહને ગંજીફાપર મુકી બનાવટી એકાને ટેબલપર મુકે છે થોડી વારે ઉપાડે છે તો નીચેના ભાગમાં જે બાદશાહ ચોઢેલ હોય છે તે દેખાય છે અને ગંજીફામાં તૈયાર એકઠા કરી રાખેલ

એકા કાઢી બતાવે છે: પરંતુ કોઇ ગંજીફા જોવા માગે તો જે ખરા બાદશાહ ગંજીફાના અંદર છે તે યુક્તિથી કાઢી લઇને આપવી.

સત્તા તથા બાદસાહનું બદલાવું

મેજીસીઅન સ્ટેજપર એક ગંજીફો લાવી તેમાંથી સત્તા તથા બાદસાહને ટેબલપર વીણી કાઢે છે. બાદ એક હાથમાં સતા અને બીજા હાથમાં બાદસાહ રાખી જોવા પધારેલ મંડળીને બતાવે છે. પછી કહે છે કે આ સત્તાને પ્રથમજ ગંજીફા-પર મુકું છું એમ કહી પ્રથમ ગંજીફા પર સત્તા મુકે છે અને તે પર પછી બાદસાહ મુકી બે ગૃહસ્થોને બોલાવી કહે છે. કે આ ટેબલપર આ ઉપરના ચારે બાદસાહ મુકું છું અને આ બીજા

ટેબલ ઉપર ચારે સત્તા મુંકું છું તેના ઉપર આપ બહુ મજબુતાઇથી દબાવી રાખો નહિ તો સત્તાની જગાએ બાદસાહ જસે ને બાદસાહની જગાએ સત્તા જસે. આમ કહી મેજીકવોન્ડ લાવી તેપર ફેરવી બંનેના હાથ ઉપડાવે છે તો પ્રથમ મુંકવાથી ઉલટું થઇ બદલાયેલ માલુમ પડે છે. આથી જોનાર વર્ગ બહુ અચરતીમાં પડે છે.

ખુલાસો—મેજીરીઅન પ્રથમ એક હાથમાં ચાર રાજાને બીજા હાથમાં ચાર અઠ્ઠા લે છે. અને પંખાની માફક ફેલાવે છે (અને છેક છેલા રાજાની તળીએ કોઇ ન જાણે તેમ ચાર સત્તાને પ્રથમથી ગોઠવી રાખે છે. હવે જે હાથમાં અઠ્ઠા પકડેલ છે તે અઠ્ઠાના સર્વથી અગાડીના પાનાનો વચ્ચેનો ની

એનો એક દાણો અંગુઠાથી ઢાંકી કાઢેલ રાખે છે એટલે બાકીના અઠ્ઠાના દાણા તો ઉપરા ઉપરી પાનાં આવે છે તેથી એ માલુમ રહે છે; અને જોનારાઓતો તેને ખરાજ સત્તા માને છે. પછી ટેબલ પર ગંજીફાને ઉંધો મુકી સર્વના દેખતાં ગંજીફા પર પ્રથમ અઠ્ઠા મુકે છે. અને પછી તેપર રાજા સત્તા સહ મુંકે છે એટલે પેલા સત્તા તો ઉપરજ આવી રહે છે. અને તેની નીચે રાજા આવી રહે છે પરંતુ જોનારાઓ તો તેથી ઉલટુ ધારે છે. પછી મેજીકવોન્ડનો કેટલોક ઢાંક ચલાવી આખરે જયારે ઉપાડે છે ત્યારે બદલાયેલ લાગે છે (ખરૂં જોતાં પ્રથમથીજ તે તો બદલાયાં હતાં)

ચોર તથા સિપાઈનું અજાયબ રીતે બદલાવું.

મેજીસિયન સ્ટેજ પર આવે છે અને એવું લેકચર આપે છે કે સાહેબો? મારે એક એવા માણસની જરૂર છે કે તેને કંઇ પણ ખોટું કહેવામાં આવે તો માનેજ નહિ. આવો એક માણસ ઉઠીને ફરી સ્ટેજ પરના ટેબલ પાસે ઉભો રહે છે. બાદ ગંજીફામાંથી ચાર એક્કા કાઢી તેને બતાવી પુછે છે કે આ પાનાં ક્યાં ક્યાં છે તે તમે મોટેથી બોલો. આટલું કર્યા બાદ તે ચારે કાર્ડ એ ટેબલ પર ઉંધા મુકી બાકી ગંજીફા તેને જોવાને આપે છે. તે જોઇ રહે છે ત્યારે મેજીશિયન તેને કહે છે કે આ બાજી [illegible] આપણે

વાપરીએ છીએ તેવીજ છે. એમ માટે થી બોલો. આમ તે કહે છે. પછી મેજીશિયન વધારે ખાત્રી કરાવવાને કહે છે કે ગૃહસ્થો ! આપને પુરતી ખાત્રી ન થતી હોય તો ફરીને સંભાળો. સઘળા સંતોષી દેખાય છે. તેથી મેજીશિયન તે ગંજીફાને ડાબા હાથમાં લેઇ ઊંચી પકડી ઉપર ચાર એકા મુકે છે અને તેજ વખતે પાનાને સહેજ ફેરવે છે. અને પછી એક પછી એક એકાને ઉપરથી લઇ ટેબલપર ઊંધા મુકે છે. અને તેણે બોલાવેલ મદદગારને કહે છે કે હવે કબુલ કરો કે આ ચાર એકાજ છે. પરંતુ તેણે જોયેલ નથી હોતાં તેથી કબુલ કરતો નથી. ત્યારે મેજીશિયન કહે છે કે શા માટે કબુલ કરતા નથી. તમારાં જોયેલજ આ પાનાં છે. પરંતુ

ફરીને બતાવું છું. એમ કહી બતાવી પાછા ગંજીફાપર મુકે છે અને પાનાની કંઇક ફેરફાર કરી પહેલાની માફકજ ટેબલપર ઊંધાં મુકે છે અને તેના મદદગારને પુછે છે કે કેમ? આ વખતે તો આ ચારે એકાજ છે? તોપણ તેના મનમાં વહેમ રહેસે કે આ ચારે એકા નથી. પરંતુ વખતે કેટલીક વાર કહેનાર બોલે છે કે એકા છે તો કહે છે કે તેને મેજીકવોન્ડથી મંત્રી નાંખ્યા છે. માટે વખતે એકા નહિ હોય તો શું સરત મારો છો? તે સરત મારવાને તો બીએ છેજ. ત્યારે મેજીશિયન ટીકા કરીને કહે છે કે અહા? કેટલું બધું આશ્ચર્ય થવા જેવું છે. કે મેં તમને એકા બતાવીને મુકયાછે. પરંતુ તમારા ચહેરાપરથી એમ લાગે છે કે તમે સંતોષ પામ્યા

નથી. મને ડર લાગે છે કે તમારા આ-વા અણુવિશ્વાસના લીધે હું આ ખેલ કરી શકતો નથી. પરંતુ મારી પ્રતિષ્ઠાને લીધેજ હું ફરીને તે પાનાં તમને બતાવું છું. એમ કહી બતાવી પાછાં ગંજીફાપર મુકે છે. અને ઉપરથી પાંચ પાનાં લઇ તળીએનું પાનું સર્વને બતાવે છે. અને પુછે છે કે આ ચારે એકા છે કે ફાલતુ ? ત્યારે કહેસે કે આ ચારે ફાલતુ પાનાં છે. ત્યારે મેજીશીઅન કહે છે કે, ખરે ખર તમે આટલા બધા અણુવિશ્વાસુ કેમ બની ગયા છો તે હું સમજી શકતો નથી આ ચારે એકા રહ્યા એમ કહી તે પાનાંને ગંજીફાપર મુકી એક પછી એક લઉં છું અને ટેબલપર મુકું છું એમ કહી ટેબલપર મુકી પ્રેક્ષક વર્ગતરફ જોઇ બો-

ષે છે કે ખરેખર હવે તમે સંતોષ પા-મ્યા હશો કે આ ચારે એક્કાજ છે; તો તેઓતો નાજ કહે છે કારણ જે પાંચ-મું પાનું તેમણે જોયું હતું તે ફુલ્લનુ હતું તેથી ફરીને પુછતાં પણ નાજ કહે છે. ત્યારે મેજીશિયન જરા ચીરડાઇને કહે છે કે. ખરેખર બાનુઓ. અને સૃ-હસ્થો ? તમે જ્યારે આવા તદ્દન અણ-વિશ્વાસુ છો ત્યારે આ ખેલ હું પડતો મુકી ચાલ્યો જાઊં છું. હું આસા રા-ખું છું કે તમે તમારા વગર પાયાના શકની ભુલ સુધારશો. પછી ત્યાં આ-વેલ મદદગારની સામું જોઇ કહે છે કે સાહેબ ? મારા દરેક કામમાં લોકોને શક આવે છે. તેથી તમે પોતેજ મંડ-ળીને બતાવો કે આ ચારે ખરાજ એક્કા છે. અને તમેજ તેને ગંજીફાપર મુકો.

તે પ્રમાણે કરાવે છે. પરંતુ તેને જે થો-
ડા ઘણા વખત મળે છે તે દરમીઆન-
માં તે ગંજીફાના મથાળાનાં પાંચ પાનાં
ગણીને જમણા હાથની હથેળીમાં સં-
તાડવાની તક લેછે. પછી મદદગારને ક-
હે છે કે એ ચારે એકા ગંજીફાપર મુ-
કો તે જેવા એકા મુકે છે કે તુરતજ
મેજીશિયન ગંજીફાને જમણા હાથમાં
લઇ લેછે. એટલે છુપાવેલ પાનાં એકા
ઉપર આવી જાય છે. પછી ટેબલપર
ગંજીફાને ઊંધી મુકી પુછે છે કે ? મહે-
રબાની કરી કહેશો કે હવે તે એકા
ક્યાં છે ? તે લઇને ઊંચા ટેબલપર મુકો.
આથી મદદગાર ઉપરથી ચારે પાના
વગર જોયે ટેબલપર મુકે છે. પછી મેજી-
શિયન ગંજીફાનું ઉપરનું એક પાનું
લઇ બોલે છે કે આ કંઈ એકા નથી.

અને તમારી મરજી હોય તો આ આખી ગંજીફા જોઇ લ્યો. એમ કહી ઝડપથી બતાવે છે પરંતુ છેવટનાં પાંચ પાનાં બતાવતો નથી. પછી મેજીશિયન તેના મદદગારને બોલાવી કહે છે કે મંડળી આખરે સંતોષ પામી છે. તેથી હવે આ ચારે પાનાંપર આપ મજબુત હાથ દાબી રાખો નહિ તો એ એક્કા આ ગંજીફામાં આવશે અને ત્યાં બીજાં ફાલતુ પાનાં થઇ જશે. (ખરૂ જોતાં તો અનેક્કાંજ છે) એમ કહી મેજીકવોન્ડ ફેરવી પાનાં ઉપાડતાંજ બદલાએલાં દેખાય છે. તેથી પ્રેક્ષક વર્ગને બહુજ અજાયબી લાગે છે.

ખુલાસો—ઉપરની હકીકતમાંજ આ પણ છે. આ ખેલમાં હાથ ચાલાકીની વધુ જરૂર પડે છે. વધુ પ્રેકટીસથી સહેજ થશે.

ધારેલ પાનુ થપડાક મારી કાઢી આપવું.

મેજીશિયન એક ગંજીફા લઇ સ્ટેજપર આવે છે. અને જોનાર મંડળીમાંથી એક ગૃહુસ્થને બોલાવે છે; તેની પાસે ગંજીફામાંથી એક પાનું ખીચાવી જોવાનું કરી પાછું ગંજીફા પર મુકાવે છે. અને પછી તે ગંજીફાને કટલીક ચીસોને પછી બોલાવેલ ગૃહુસ્થના હાથમાં એક ખુણા પરથી પકડવાને આપે છે. અને મજબુત પકડાવી ઉપર મેજીકવોન્ડ ફેરવી એક થપડાક મારે છે તો તેનું ધારેલજ પાનુ હાથમાં રહેતાં બાકીનાં પાનાં જમીન પર પડી જાય છે. આથી બહુજ અચંબો પામે છે.

ખુલાસો—મેજીશિયન મદદગારની પાસે પાનુ ખીચાવી ઉપર મુંકાવે છે. તે પાનાને ઉપરનું ઉપર રાખવાને પોતાની તર્જની આંગળી તે ઉપર મુકેલ પાના પર રાખી વચ્ચેથી બીજાં પાનાં કાઢતાની શાથેજ તેને પણ ધનડી લે છે. અને વખતો વખત એમને એમ પીસે છે તો પણ મદદગારનું પસંદ કરેલ પાનુ ઉપરનું ઉપર રહે છે. આને એક એવો સાધારણ રૂલ છે કે જે છુટે પાનું હોય તે થપડાક મારવાથી ઢગમાં રહીજ જાય.

ગંજીફાને કાને અડકાડી પાનુ કહેવું.

મેજીશિયન એક ગંજીફો લાવે છે.

અને તેને બહુ વખત પીસે છેવટે પીસી રહેવા આવે છે ત્યારે મંડળીની તરફ ગંજીફાને ધરે છે અને કહે છે કે આ પાનુ ધારી લ્યો. અને યાદ રાખો મંડળી કહે છે કે ધાર્યું છે. કે તરતજ ગંજીફા બંધ કરે છે. અને કેટલોક વખત પીસી ગંજીફાને કાને અડકાડી પાનું કહી આપે છે. તેથી જોનારાઓને નવાઇ લાગે છે

ખુલાસો—મેજીશિયન જે ગંજીફા લે છે. તેના છેક તળીયે પાનું પ્રથમથીજ જોઇ રાખે છે. અને કેટલીક વાર વચ્ચેનાં પાનાં પીસી ઉપરે છેક નીચેના થોકડી કે જે પાનું જોઇ રાખ્યું છે તે ઉપાડે છે અને મંડળી તરફ ધરી યાદ રાખવાનુ કહે છે પછી પ્રથમથી જોયેલ પાનું છે. તે યાદ તો હોયજ એટલે કાને અડકાડવાનો ઢોંગ કરી નામ દે છે.

ગંજીફા પર હાથ મુકી મંડળીને વહેંચેલ પાનાં કહેવાં.

મેજીશીયન એક ગંજીફો લઇ સ્ટેજ પર આવે છે. અને પીસતાં પીસતાં નીચેનું એક એક પાનુ મંડળીને આપે છે. અને તે યાદ રાખવાનુ કહી ગંજીફામાં પાછાં મુકાવી પીસે છે. અને પછી ગંજીફાને ટેબલ પર ઉંધી મુંકી ઉપર હાથ મુંકી અનુક્રમે જે પ્રમાણે પાના આપેલ હોય છે તે મુજબ કહી આપે છે. તેથી જોનાર વર્ગ બહુ ખુશી થઇ માન આપે છે.

ખુલાસો—મેજીશીયન પ્રથમજ ગંજીફાના છેક તળીએથી પાંચ સાત પાનાં જેટલાં વહેંચવાનાં હોય તેટલા અ-

નુક્રમે યાદ રાખે છે. અને પછી પીસતી વેળાએ નીચેથી બીલકુલ ઉપાડતોજ નથી અને વચેનો વચે પીસતો જાય છે અને અનુક્રમે નીચેથી એક પછી એક પાનું આપ્યા કરે છે. પછી ગંજીફામાં મુંકાવી ટેબલ પર મુંકી ફોકટ ઢોંગથી અનુક્રમે યાદ હોય છે તે મુજબ પાનાં કહી આપે છે. પ્રથમથી જોઇ યાદ રાખેલ હોય એટલે કહેતાં વાર લાગતી નથી.

કોઇએ રૂમાલ નીચે દાબેલ પાના ને આપણી પાસે બોલાવી લેવું.

મેજીશિયન એક ગંજીફા અને રૂમાલ લઇ સ્ટેજ પર આવી જોનાર મંડળીમાંથી એક ગૃહસ્થને બોલાવે છે.

બાદ ગંજીફા પ્રેક્ષક વર્ગ તરફ ધરી પા
ના પાડવા માંડી કહે છે કે આમાંથી
તમને ગોઠે તે પાનું ધારી લ્યો આઈ
મંડળી એક પાનું દુરથી ધારી લે છે.
ત્યારે નીચેનાં પડેલ પાનાં પડતાં ખુંદી
ખોસવા માંડે છે. અને પછી બે બાજુ
ઓથી સ્ટેજ પર આવેલ પ્રેક્ષકોને જ
તાવે છે કે તમારૂં પાન અહીંજ ન
અને ત્યાં તરફ પણ નથી એમ કહ
નીચે પડેલ પાના ઉપર ખુંદી ખોસા
લ મદદગારના હાથમાં ગંજીફા આપ
કહે છે કે તમે તમારૂં ધારેલ પાનું જો
ઇ લ્યો કે તેની અંદર છે કે નહિ.
જોઇને ગંજીફા પાછો આપે છે. એટલે
મેજીશીયન એ ઠીક ફેરફારથી લેઇ જા
છે. અને પછી ટેબલ પર ઉંચી ખુ
છે. બાદ જે રૂમાલ લાવેલ હોય છે.

રૂમાલ મંત્રીની ખાત્રી કરાવવા માટે આપે છે. અને પછી ગંજીફા પર દાંડી ઉપર તેનો હાથ રાખી મદદગારને કહે છે કે આ પ્રમાણે મજબુત દાબી રાખો. મદદગાર રાખે છે ત્યારે મેજીશીયન મેજીકવાન્ડ લેઇ તેના પર ફેરવી રૂમાલ ઉપાડી લઇ કહે છે કે હવે જોઇ જુઓ કે તમારું પાનું અંદર છે કે નહિ? આથી અંદરથી પાનુ ગુમ થયેલ જોઇ અને કહે છે કે નથી ત્યારે મેજીશીયન પોતે ખુણી બગલમાંથી કાઢી આપે છે. તેથી જોનારાઓમાં અજાયબી ફેલાઇ રહે છે.

ખુલાસો—મેજીશીયન પ્રથમ ગંજીફાના છેક ઉપરનું પાનું જોઇ રાખેલ મુકે છે. અને પછી રૂમાલની વચ્ચે બીજુ ચોડી તૈયાર કરી ટેબલ પર લા

વી મુકે છે; બાદ પ્રેક્ષક વર્ગ તરફ ગં જીફા રાખી પાનાં પાડી તેઓને ધરાવે છે તે પાનાને ઉપર જોઇ મુકેલ પાના પર લાવવાને છેક નીચેની થોકડી ઉપાડી પીસે છે. અને જે વખતે તેના મદદગારને ગંજીફા બતાવે છે કે તમારૂં પાનું આ તરફ નથી ને આ તરફ પણ નથી તે વખતે તેનું ધ્યાન પેલા પ્રથમથી યાદ રાખેલ પાના પર મંડળીએ ધારેલ પાનુ આવેલ છે; તે જોવામાં ખેચે છે. બાદ નીચે પડેલ પાનાં મુકે છે, અને પછી જોવા આપી પાછી લેઇ બનાણુ કંઇ જોતા હોય તે માફક ઢોંગ કરી જે મંડળીનુ પાનુ પસંદ કરેલ છે તેને છેક ઉપર લાવી ગંજીફાને ટેબલ પર ઊંધી મુકી મીણ વાળો રૂમાલ ઢાંકી ઉપર મદદગારને કહેતો હોય કે આ

મુજબ સજડ દાબો તેમ પોતેજ દાબી કાઢે છે. એટલે પાનુ રૂમાલને વળગી જાય છે. અને પછી મેજીકવોન્ડ ફેરવી યુકિતથી રૂમાલ ઉપાડે છે. એટલે પાનુ રૂમાલમાંજ આવી જાય છે. અને તેને કોઇ છુપી જગાએ રાખી કાઢી બતાવે છે.

ચાર ચોરનું અકસ્માત બાદશાહથી પકડાવું.

મેજીશિયન એક ગંજીફો લાવી તેમાંથી ચાર ગુલામો અને એક બાદશાહને ટેબલ પર મુકી ચાર ચોર (ગુલામો) ને પંખાની માફક ફેલાવે છે. અને સર્વ મંડળીના દેખતાં ચારે ચોરને ઊંધી પડેલ ગંજીફા પર મુકી કહે છે

કે; આ રાજાની હવેલીમાં ચારે ચોર પેઠા છે. હવે એક નીચેથી ચોરી કરવાને જાય છે (એમ કહી એક પાનું ગંજીફાના છેક તળીએ મુકે છે) બીજો વચ્ચે જાય છે (એમ કહિ વચ્ચે ઘાલે છે) ત્રીજો તેનાથી જરા ઉપર જાય છે (એમ કહી થોડુંક ઉપર મુકે છે) અને આ ચોથો ઉપરથીજ દાખલ થાય છે. તે માત્ર ઉપરજ પડેલ પાનું રાખે મંડળીને બતાવે છે. હવે કહે છે કે રાજા એક દમ જાગૃત થાય છે. ને ઉઠે છે તો કુદરતી બનાવથી ચારે ચોરને એક જગ્યાએ ઉભા રહેલ જોય છે. એમ કહી ગંજીફા પરથી બાદશાહ તથા અનુંક્રમે ચારે ગુલામો વીન ફેરફારે કાઢી આપે છે તેથી જોનાર વર્ગ બહુ અચંબો પામે છે.

ખુલાસો—મેજીસીઅન જે વખતે ચારે ચોરને બહાર કહાડી પંખાની માફક ફેલાવી બતાવે છે. તે વખતે છે-ક છેલા ગુલામની નીચે ત્રણ ફાલતુ પાનાં છુપાવેલ રાખે છે. અને પછી તે સાતે પાનાને સાથેથી ગંજીફા પર મુંકે છે. અને ઉપરથી એક એક પાનું લઇ વગર બતાવે પેલાં ફાલતુ ત્રણ પાનાં ગંજીફામાં જુદી જુદી જગાએ મુંકી પછી ઉપરનો જે ચોથો ખરો ગુલામ તેજ બતાવે છે પછી તેના પર બાદસા-હ મુંકી કહાડે છે તો ગુલામો નીકલી આવેજ છે.

૫ ંકુ મારી મંડળીએ પસંદ કી-ધેલ પાનાને ઉપર બોલાવવુ

મેજીશિયન ગંજીફાને ડાબા હાથમાં

ઊંધી પકડી આવે છે. અને સ્ટેજ પરથી નીચે આવી ગંજીફા પર પોતાનો જમણો હાથ ઢાંકી જમણા હાથનાં બેડકાં વતી એક પછી એક પાનાને ખીંચતો જાય છે. અને મંડળીમાંના એકાદ ગૃહસ્થને કહે છે કે તમારી મરજીમાં આવે ત્યારે મને ખીચતાં બંધ કરજો પછી જ્યારે તે ગૃહસ્થ ખીંચતાં બધ કરે ત્યારે તે પાનું ખીંચી લઇ તેને જોવાને આપે છે. અને કહે છે કે જોઇને તે યાદ રાખો અને આ બધી ગંજીફાને પીસી નાંખો આટલુ થયા બાદ તે સ્ટેજ પર જવાને પાછો ફરે છે અને ગંજીફાને ટેબલ પર મુકી ઉપર મેજીકવોન્ડ ફેરવી ગંજીફા પર ફુંક મારે છે તો મંડળીમાંના ગૃહસ્થે પસંદ કરેલજ પાનુ ઉપરથી નીકળી આવે છે તેથી જોનાર બહુ-તાજુબ થઇ જાય છે.

ખુલાસો—મેજીશિયન પ્રથમજ છેક વળીએનું એક પાનું જોઇ રાખી ગંજીફાને ડાબા હાથમાં ઊંધી પકડે છે. અને છુપી રીતે જે પ્રથમથી નીચેનું પાનું જોઇ રાખેલ હોય છે. તેને એકાદ તસુ બહાર ખીંચી રાખે છે. અને એ ખીંચેલા ભાગને ગંજીફાપર જમણા હાથ ઊંધો ઢાંકી અંગુઠા અને આંગળી વતી પકડી રાખે છે. અને ઉપરનાં બીજાં પાનાં બેડકાં વતી ખીંચે છે. જ્યારે ખીચતો બંધ રહે છે ત્યારે બધાં પાનાને સરખાં રાખી નીચેનું જે અંગુઠા અને આંગળી વતી પકડેલ પાનું છે તે પણ સાથેજ ખીંચી લઇ જોનારને યાદ રખાવે છે. અને ગંજીફા પીસાવી પાછી લઇ સ્ટેજપર જવાને પાછો ફરે છે તેટલામાં પેલું પાનું સર્વ સર્વના ઉપર લાવી મુંક છે. બાદ. ગંજીફાને ટેબલપર

ઊધી મુકી મેજીકબોન્ડ ફેરવી ફુંક મારે છે. ત્યારે ઉપરથીજ પાનું નીકળી આવે છે.

શરીરના કોઈપણ ભાગમાં પાનાને અડકાડવાથી મંડળીએ પસંદ કરેલ પાનાનું નામ દઈ આપવું.

મેજીશિયન એક ગંજીફો પીસતો પીસતો સ્ટેજપરથી નીચે આવે છે અને મંડળીમાંના એક જણને એક પાનું અંદરથી કાઢી લેવાનું કહે છે. બાદ સ્ટેજપર જઈ બાકીનાં પાનાં ટેબલપર મુકી મંડળીમાં કાઢી લીધેલ પાનું યાદ રાખવાનું કહી કહે છે કે સાહેબો? આપ સૌ પાનાને મારા શરીરના કોઈ

બી ભાગમાં અડકાડો એટલે હું તેનું નામ દઇ આપું. આથી મંડળીમાંનો એક ગૃહસ્થ ઉભો થઇ તેની પીઠના ભાગમાં અડકાડ છે કે તુરતજ તેનું નામ થોડીક વાર વિચાર કરી દઇ આપે છે. આથી જોનાર વર્ગ બહુ નવાઇ માનેછે.

ખુલાસો—મેજીશિયન જે ગંજીફા લઇ આવે છે. તે ગંજીફામાં બધાંએ એકજ જાતનાં પાનાં તૈયાર કરી રાખેલ હોય છે. એટલે કે એક પાનું ખુરના દસાનું હોય તો બધાંએ (બાવને) ખુરના દસાનાં હોય છે. એ પ્રમાણે તૈયાર રાખેલ ગંજીફામાંથી પાનું ખીંચી લે અને ગમે તે ખીંચે પણ એકજ જાતનું પાનું આવે છે. પછી ઢોંગ કરી તેના શરીરના ભાગે અડકાડવી નામ દે છે.

હુકમ પ્રમાણે ગંજીફામાંથી પાના-ને બોલાવવાં.

મેજીશિયન એક ગંજીફા લઇ પ્રેક્ષક વર્ગને પીશવા આપવાને રંગ ભુમીપરથી નીચે ઉતરે છે. તેમ કર્યા બાદ પાછો સ્ટેજપર જઇ ડાબા હાથમાં ગંજીફા પકડી મંડળી સામે ધરી કહે છે કે હવે હું જેમ કહીશ તેમ પાનાં નીકળસે. એમ કહી પ્રથમ પાનાનું નામ દઇ પીઠના ભાગમાં ગંજીફા રાખી પાછી મંડળી આગળ ધરી બતાવે છે. એવી રીતે બહુ પાનાં કાઢે છે તેથી જોનાર વર્ગને અચંબો લાગે છે.

ખુલાસો—મેજીશિયન મંડળી પાસે ગંજીફા પીસાવી સ્ટેજપર જવાને પાછો ફરે છે. તે વખતે કેટલાંક પાનાં અવ-

બા ભાગપર સવળાં મુંકી દે છે. તેથી ગંજીફા મંડળી તરફ ધરે છે તોપણ એક પાનું મંડળી દેખે છે ને એક એ પોતે દેખે છે. પછી જે પાનું તે દેખે છે. તેનું નામ દઇ પાછળના ભાગમાં ગંજીફાને લઇ તે પાનાને ઉપર ગોઠવીદેછે. આ પ્રમાણે વખતો વખત પાનાનાં નામ દેતો જાય છે અને પાછળ રાખી કાઢે છે. તો તેના કહ્યા પ્રમાણે નીકળે જ છે. કારણ ગંજીફાનાં પાનાં અરધાં મંડળી તરફ સવળાં અને અરધાં પોતાની તરફ સવળાં રાખે છે એટલે જે પાનું પ્રથમ તે દેખેછે તેનું નામ લઇ પાછળ રાખી ઉપર મુંકી મંડળીને બતાવે છે.

અંગ્રેજી આંકડાની જોડણી મુજબ પાનાનું નીકળવું.

મેસ્મેરિક ગંજીફામાંથી સર્વનાં દેખતાં તેર પાનાં ગણીને ડાબા હાથમાં લે છે. પછી વન. (one) કહી. ત્રણ પાનાં નીચે ઘાલે છે. એટલે ઉપર એક્કો નીકળે છે તે જુદો મુકે છે એમ બધાં પાનાંને જે નામ અક્ષરનું હોય અને તે અક્ષરના અંગ્રેજી સ્પેલીંગમાં જેટલા અક્ષર થાય છે. તેટલાં પાનાં નીચે ઘાલતો જાય છે. અને જે પાનાનું નામ હોય. તે પાનું ટેબલપર મુંકતો જાય છે એમ જ્યારે બધાંએ પાનાને મેળવી બતાવે છે ત્યારે સર્વને નવાઇ લાગે છે.

ખુલાસો—આ ખેલ કરનાર પ્રથમ

એકાથી દસા સુધીનાં દસ અને રાણી રાજા અને ગુલામ મળી તેર પાના કાઢે છે. અને તેને નીચેની ગોઠવણીથી ગોઠવી કાઢે છે. (તીરી, અઠો, સત્તો, એકો, રાજા, છક્કો, ચોકો, દુરી, રાણી, ગુલામ, દસો, નવો, અને પંઝો. એ પ્રમાણે ગોઠવી તૈયાર ગંજીફાપર મુંકી રાખે છે. પછી સર્વના દેખતાં આ તેર પાનાં લઇ કહે છે કે વન એકા આજા, એમ કહી, વન, ની સ્પેલીંગની જોડણી ત્રણ અક્ષર છે. તેથી ત્રણ પાનાં નીચે ઘાલી ચોથું બતાવે છે તો એકોજ હોય છે. આ રીતે અનુક્રમે અક્ષર જેટલાં પાનાં નીચે ઘાલી પાનું ઉપાડે છે. તો તે કહે છે તેજ પાનું નીકળે છે. તેમાં માત્ર ખુબી એટલીજ છે કે તે ગોઠવણી કરવી તેજ યુક્તિ છે.

પાસાનો હેરત ભરેલો તીલેસ્માત.

મેજીશિયન એક પાસો અને ગંજી-
ફા લઇને આવે છે. અને એક માણસને
સ્ટેજપર બોલાવી ગંજીફામાંથી એક
પાનું કહાવી યાદ રખાવવાનું કહે છે.
આટલું કર્યા બાદ તે ગંજીફાને હાથમાં
લઇ પીસે છે અને પછી ચાર થોકડી
કરી ગંજીફાને ઊંચી મુકે છે. બાદ બો-
લાવેલ મદદગારને પાસો આપી નાં-
ખવાનુ કહે છે. તે પાસાના જેટલા દા-
ણા પડે છે. તેટલા જોઇને મેજીશિયન બોલે
છે કે તમારૂં પાનુ જેટલા દાણા અવળા
પડયા છે તેટલામી થોકડીમાં છે હવે
ફરી નાંખસો તો માલુમ પડશે કે ત-
મારૂં પાનું અમુક નંબરે છે. આ પ્ર-
માણે કહી બીજી વખત પાસો નખા-

વી તેટલામાં નબરનુ પાનુ કાઢીઆપે છે તો તેણે પસંદ કરેલજ નીકળે છે. આથી બહુ તાજુબ થઇ જાય છે.

ખુલાસો—મેજીશિયન જે ગંજીફા લાવે છે. તેમાં બધાંએ પાનાં એકજ જાતનાં હોય છે. જાણે કે એક ખુરનો ગુલામ હોય તો બધાએ ખુરના ગુલામ એકઠા કરી રાખે છે. આથી મદદગાર ગમે તે પાનું પસંદ કરે તો પણ ખુરનો ગુલામજ પસંદ થાય છે. બાદ ચાર થોકડીઓ મુંકી પાસો નંખાવવાના ઢોંગથી તે પ્રમાણે પાનું કાઢી બતાવે છે. દેખીતુંજ છે કે ચારે થોકડીઓમાં ખુરના ગુલામોજ છે એટલે તેટલામી થોકડીમાંથી ગમે તેટલા નંબરનુ પાનું કાઢે તો ખુરનો ગુલામજ નીકળી આવે.

પાનાને તલવાર પર આકસ્માત જીલી લેવું.

મેજીશીયન ગંજીફા લઇ આવે છે. અને કોઇ એક માણસની પાસે ગંજીફામાનું એક પાનું ખીંચાવે છે. બાદ તે તેને યાદ રાખવાનું કહી બધી ગંજીફા તેના હાથમાં આપી કહે છે કે હું સ્ટેજ પર તલવાર લઇ ઉભો રહું છું અને તમે એ ગંજીફા મારી તરફ જોરથી ફેંકજો એટલે આપનું પસંદ કરેલ પાનું તલવાર પર ચોટી જશે આ કહ્યું થયા બાદ તે ટેબલ પર પડેલ તલવાર લઇ જમીન પર મુંકી ઉભો રહે છે. અને વન, ટુ, થ્રી કહેતાંજ પેલો માણસ ગંજીફા ફેંકે છે. જેથી તેણે પ-

સંદ કરેલ પાનુંજ તરવાર પર આવી ગએલ દેખાય છે. આથી પ્રેક્ષક વર્ગમાં બહુ ખુસાલી ફેલાય છે.

ખુલાસો—મેજીશીયન જે વખતે મંડળીના માણસને પાનું ખીંચાવે છે. અને તેવુંજ બીજુ એક પાનું સ્ટેજ પરની જમીન પર પ્રથમથીજ નાંખી મુંકે છે. જ્યારે તે ગંજીફા પેલા માણુસને આપી તરવાર લઇ સ્ટેજપર ઉભો રહે છે. તે વખતે તરવારની ધાર (પેલુ નીચે જે ઊંધુ પાનું પડયુ હોય છે તેના પર મજબુતાઇથી દબાવે છે અને જ્યારે પેલો ગંજીફા સ્ટેજની નીચી જગ્યાએથી ફેંકે છે ત્યારે એક દમ તરવાર ઉભી કરી દે છે. તો જે પાનું તેને વળગી રહેલ હોય છે તેજ સામા આ માણુસનું પસંદ કરેલ હોય છે.

આપણી ગેર હાજરીમાં કયું પાનું ફેરવ્યું તે વગર જોયે કહી આપવા વિસે.

મેજીશિયન એક ગંજીફા લઇને આવે છે અને પ્રેક્ષક વર્ગ અગાડી એક ટેબલ મુંકી ગંજીફામાંથી ચાર પુતળાંને વીણી કાઢે છે અને તેમને એક સીધી લાઇનમાં ગોઠવીને કહે છે કે હું અંદર જાઉં અને આપ આ ચાર પુતળાંમાંથી ગમે તે પસંદ કરી તેને ફેરવી નાંખો આટલું થયા બાદ તે અંદર જાય છે અને મંડળી એક પાનું પસંદ કરી તેને ઉલ્ટાવી ફેરવી નાંખે છે. પછી મેજીશિયન આવીને તુરતજ મેજીકવોન્ડ ફેરવી મંડળીએ પસંદ કરેલ પાનું કા

ડી આપે છે. તેથી બહુ અચબો પાંમ છે.

ખુલાસો—આપણું પાનાની કોરણો તરફ પુરતી નજરથી જોઇશુ તો માલુમ પડસે કે પુતળાંની આસપાસની સર્વેક કોરણોમાં સામ સામેના છેડા આગળથી પહોળાઇમાં ફેરફાર હોય છે. તે ફ્રેખાવ ઘણો થોડો હોય છે. પણ જ્યારે કોઇ બતાવે છે ત્યારે માલુમ પડે છે; આ રીતની કોરણો મેજીશિયન સરખી રાખી એકજ બાજુમાં ગોઠવે છે; અને પછી ગમે ત્યાં જઇ આવે છે તો પણ જે પાનુ ફેરવી નાંખ્યું હોય છે, તે સાફ જણાઇ આવે છે, કારણ તેની કોરણોમાં ફેરફાર થયેલ હોય છે. તે તુરતજ દેખાય છે. પછી મેજીકવોન્ડ ફેરવવાનો ઢોંગ કરી તેનું પાનુ કહી આપે છે.

બે પાનાં ખેંચાવી તે ક્યાં છે તે વગર જોયે કહેવું.

મેજીશિયન પોતે એક ગંજીફો લાવી પ્રેક્ષક વર્ગમાંથી કોઇ એક માણસ પાસે બે પાના ખીંચાવે છે. અને તેએ ખીંચેલ પાનામાં (૨૫) નો મેળ કરવાને જેટલા ઉમેરાય તેટલા ઉમેરાવે છે. બાદ ગંજીફાને તેના હાથમાં લે છે, અને સરવાળો પુછે છે અને થોડીક વારે મેજીકવોન્ડ ફેરવી પાનાનું નામ દઇ આપે છે. તેથી જોનારાઓને આશ્ચર્ય લાગે છે.

ખુલાસો—જે વખતે મેજીશિયન (૨૫) નો મેળ કરવાનું કાહી ગંજીફાને હાથમાં લે છે. તે વખતે કોઇ માનાને સાચવેલા હોય તેને કર્યા ગણી કાઢે છે.

તો તેનો સરવાળો પેલા બેના દાણા જેટલોજ આવે છે. એવી રીતે કે તેણે (મદદગારે) જેટલો સરવાળો કહ્યો હોય છે. તેમાં બે ઉમેરી બાવનનો મેળ કરવાને જેટલા ઉમેરવા પડે છે તેટલા ઉમેરેલ દાણાનાંજ મદદગારે લીધેલ પાનાં હોય છે. (દાખલા તરીકે એક માણસે બે દસા લીધા છે. હવે પચીસનો મેળ કરવાને બંનેમાં પંદર પંદર ઉમેર્યે તેત્રીસ બેરીજ થયો અને બે તેજ પાનાં એટલે બત્રીસ થયોને વીસ ઉમેર્યા તો (૫૨) થાય માટે બે દસાજ લીધેલ હોવા જોઇએ)

વગર જોયે ટીપથી કહીઆપવી ત્રણ થોકડીથી.

ખેલાડી એક ગંજીફા લાવે છે. અને

મંડળીઆંના કોઇક માણસને આપે છે અને કહે છે કે ચીત્રના દશ અને બાકીના પાનાની જેટલી ટીપકી હોય તેટલી ગણી મુકવાં. ટીપકીવાળા એકને ફકત પહેલું પાનું મુકતી વખતે જેટલી ટીપકી હોય તેટલી ગણવી અને ઉપર મુંકતાં જે પાનું આવે તે એકજ ગણવું અને ત્રણ થોકડીઓ પદર પંદર પાનાની મુંકવી આટલુ કહી તે ચાલ્યો જાય છે. અને જ્યારે બોલાવે છે ત્યારે આવી વધેલ પાનાં હાથમાં લઇ કેટલીક વારે ખરોજ જવાબ આપે છે. તેથી જોનારાઓને નવાઇ લાગે છે.

ખુલાસો—આ બધી સુચના કરી થોકડીઓ મુંકાવી પાછો આવી જેવારે ગંજીફો હાથમાં લઇ કોઇ પાનું શોધવાનો ઢાંગ કરે છે. તે વખતે બધાં પાનાંજ ગણીઇ તેમાંથી ચાર પાનાં બાદ

કરે છે. તો જેટલી ટીપકીઓ પેલી ત્રણ થોકડી નીચે હોય છે તેટલોજ જવાબ આવે છે; માત્ર ખુબી એટલીજ છે કે બાકીનાં પાનાં ઝડપથી ગણી જવાં જોઇએ.

ગમે તેટલી થોકડી કરવાથી પણ ટીપકી કહેવી.

ખેલાડી ઉપરની રીત પ્રમાણે બાવન પાનાની બાર બારની જેટલી થોક થાય તેટલી કરાવે છે; અને પછી બાકી વધેલ પાનાં લઇ કંઇક વિચાર કરી જવાબ આપે છે તો ખરોજ નીકળેછે. આથી નવાઇ લાગે છે.

ખુલાસો—ખેલાડી વધેલ પાનાં લઇ ગણી જાય છે. અને જેટલી થોક કરેલી પડી હોય છે. તેમાંથી ચાર બાદ

ફરી બાકી રહેલ થાકડીને તેરે ગુણી વધેલ પાના ઉમેરે છે. તો જવાબ ખરોજ આવે છે.

બે થાકડીથી નીચેની ટીપકી કહેવી

ખેલાડી ઉપરની રીત મુજબ પચીસ પચીસ પાનાની બે થાકડી કરાવે છે. અને વધેલ પાનાં હાથમાં લઇ જવાબ દે છે તો ખરોજ માલુમ પડે છે.

ખુલાસો—જે વખતે તે હાથમાં પાનાં લેછે. તે વખતે ગણી જાય છે. અને જેટલાં પાનાં વધ્યાં હોય છે. તેટલીજ ટીપકી કહેવાથી નીકળે છે.

પચીસ પાનામાંથી ધારેલ પાનું કાઢી આપવું.

એલાડી ગંજીફામાંથી પચીસ પાના કાઢે છે. અને પાંચ હારમાં ગોઠવી કોઇ એક માણસને તેમાંનું એક ધારવાનું કહે છે. અને તેણે ધારેલ પાનાની ઓળ બતાવવાનું કહે છે. પછી તેને ભેગાં કરી ફરી પુછે છે કે હવે આપનું પાનું કઇ લાઇનમાં છે તે લાઇન બતાવે છે. ત્યારે કેટલીકવાર વિચાર કરી પાનું કહી આપે છે.

ખુલાસો—જે વખતે લાઇન પુછે છે. અને તમાસ ગીર જે લાઇન બતાવે છે તે લાઇનનું પહેલું પાનું યાદ રાખી છેક છરટની ઓળથી એક પછી એક એમ ઉપર ઉપરનાં પાનાં ઉપાડે છે અને પછી બીજી વખતે પુછે છે. અને તેને લાઇન બતાવે છે. તે લાઇનમાં જે પ્રથમથી જોઇ યાદ રાખ્યું હોય છે તેના નીચેજ આવેલ હોય છે. પછી કેટ-

લોક ઢાંગ કરી કાઢી બતાવે છે.

સોળ પાનામાંથી ધારેલ પાનુ કાઢી આપવું

ખેલાડી ચારે રંગનાં ચાર ચાર પાનાં કાઢે છે. અને ચાર થોકડી મુકી તેમાંનું એક પાનું કોઇને ધારવાનું કહી કઇ થોકડીમાં છે એમ પુછે છે. પછી તે ચારે થોકડીઓ એકઠી કરી ફરી વહેંચી નાંખી પાનું પુછે છે. અને તે જે થોકડી બતાવે છે. તેમાંથી કેટલીક વાર કરી બતાવે છે.

ખુલાસો—ખેલાડી પ્રથમ ચાર રંગની ચાર થોકડીઓ જુદી જુદી કરે છે. અને પછી જે થોકડીમાં તમાસગીરનું ધારેલ પાનું હોય છે. તે થોકડી સર્વના ઉપર રાખી પ્રથમજ વહેચી નાંખે છે. અને

બીજી વખતે જે થોકડી તપાસગીર તેના પાનાની બતાવે છે. તેમાં સર્વના નીચેનું પાનું તેનું હોય છે. ને તે મોટા ઢાંગથી કાઢી આપે છે.

એકવીસ પાનામાંથી ધારેલ પાનુ કાઢી આપવું

ખેલાડી કોઇ પણ રંગનાં (૨૧) પાનાં કાઢે છે. અને તેને ત્રણ થોકડીઓમાં વહેંચી નાંખે છે. અને કોઇ એક માણસને તેમાંનું એક પાનું ધારવાનું કહી કઇ થોકડીમાં છે. તે પુછે છે અને ફરીયાદ રાખવાનું કહે છે. અને થોકડીઓ મુકે છે. જે થોકડી બતાવે છે. તે લઇ પાછું યાદ રાખવાનું કહી થોકડીઓ મુકે છે. અને કઇ થોકડીમાં છે એમ પુછી કાઢીઆપે છે.

ખુલાસો—એકવીશ પાનાની ત્રણ થોકડીઓને ત્રણ વખત ફેરવવાથી સામા માણસે ધારેલ પાનું ત્રીજી વખતે બરોબર વચ્ચે આવી રહે છે એવી રીતે કે પ્રથમ જે થોકડી બતાવે તેને વચમાં ઘાલવી અને પાનાં ફેરીને ત્રણ થોકડીમાં વહેચવાં એમ કરતાં ત્રણ વખત વહેચવાથી બરોબર બધાં પાનાંવચે એટલે અગીઆરમૂં તેનું ધારેલ પાનું હોય છે. તે કાઢીઆપે છે.

એકત્રીસને ટકોર ધારેલ પાનુ કાઢી આપવું.

"ખેલાડી એક ગંજીફા લાવી પ્રથમ એકાથી તે દસા સુધીના દસ અને બે કોઇ પણ જાતનાં ચીત્ર કાઢી તેના અગીઆર તથા બાર ગણાવે છે. અને છ

જની બે ભાઇનો કરે છે. અને કોઇ એક માણસને તેમાંનું એક પાનુ યાદ રખાવી કહે છે કે. હું જે ટકોરા મારૂ તે તમારા પાનાથી વધારે ગણજો (જાણું તમે પ-ઝા ધાર્યા છે. તો હું જે ટકોરા મારૂં તે છ ગણવા) એમ ગણતાં જ્યાં એકવી-સમો ટકોરો વાગસે તે તમારૂં ધારેલ પાનું નીકળસે. એમ કહી ટકોરા મારી પાનું કહી આપે છે.

ખુલાસો—ખેલાડી આ ખેલ માટે પ્રથમના આઠ ટકોરા ગમે ત્યાં મારેછે. અને પછી અનુક્રમે મારે છે. આથી જ્યાં સામા માણસે પાનું ધાર્યું હોય છે ત્યાંજ એકવીસમો ટકેરો વાગે છે.

ધારેલ પાનું થોકડીથી કહી આપવુ

ખેલાડી ગંજીફાને પીસીને સાત

આઠ થોકડીઓ બીન જોયે મુકે છે. અને કોઇ એક માણુસને તે થોકડીના તળીઅનું એક પાનું. યાદ રાખવાનું કહી ઉપર મુકાવી ગંજીફા એક ઠીકરી આપીને કાઢીઆપે છે.

ખુલાસો—ખેલાડી જે વખતે ગંજીફાની થોકડીઓ કરે છે. તે વખતે એક થોકડી કે જે પ્રથમ મુકે છે. તેનું પાનું પ્રથમથીજ જોઇ રાખેલ હોય છે અને પેલો માણુસ જયારે થોકડી નીચેનું પાનું જોઈ ઉપર મુકે છે તેવુજ તેનાપર જે થોકડીમાં તેનું હોય છે. તે તેના પરમુકી દેછે. એટલે ગંજીફા ફેંકતાં જે પાનું તેણુ જોયેલ હોય છે તેના પહેલું સામા માણુસે ધારેલ પાનું આવેલ હોય છે તે કાઢી આપે છે.

ગંજીફામાંથી કાઢેલ પાનું રૂમાલ નીચે

ગંજીફામુકી ઘાલવા છતાં કહી આપવું

ખેલાડી ગંજીફામાંથી કોઇ એક માણસની પાસે પાનું કઢાવે છે તે ગંજીફા જમીન પર મુકી ઉપર રૂમાલ ઢાંકી પેલા માણસને તે પાનું યાદ રખાવી અંદર ઘાલવાનું કહે છે. તે માણસ અંદર પાનું મુકી રહ્યો કે તુરતજ રૂમાલ ઉપાડી લઇ ગંજીફા લઇ પાનું કાઢી આપે છે.

ખુલાસો—જે વખતે ખેલાડી ગંજીફા રૂમાલ નીચે મુકે છે તે વખતે સવળી મુકે છે. એટલે જે માણસ પાનું ઘાલે છે તે અવળું હોય છે તેથી ગંજીફા ફેરવતાં તુરતજ માલુમ પડી આવે છે.

કાગળપર (મેસ) ફેલાવીંગવાવાથી

સામા માણે કાઢી લીધેલ પાનાનું નામ નીકલી આવવું.

ખેલાડી એક ગંજીફામાંથી કોઇ એક માણસની પાસે એક પાનું ખીચાવે છે. અને તેના અગાઉ એક માણસને એક કાગળનો ટુકડો આપી રાખે છે હવે તે માણસ પાનું જોઇ લેછે. ત્યારે પેલા આપેલ કાગળપર ક્લાકીંગ ઘસાવી વચાવે છે. તો પેલા માણસે જે પાનું લીધેલ હોય છે. તેનું નામ નીકળી આવે છે.

ખુલાસો—આ ખેલ માટે આખી ગંજીફાનાં પાનાં એકજ જાતનાં રાખે છે. અને ગમે તે પાનું ખીચે તો એકનું એકજ જાય છે. તેથી ખેલાડી અમુક થોડુંક ગોળનું પાણી કરી તે વતી

પછી ગંજીફામાં જે પાનાં હોય છે. તેનુ નામ લખી દેછે. પણ તે સંકેત જેવું સંકેતજ દેખાય છે. અને જ્યારે બ્લાકી-ગ વાપરે છે. ત્યારે સારૂ માલુમ પડી આવે છે. વળી બ્લાકીગ વાપર્યા પછી પણ જો તે કાગળને પાણીમાં બોલાવે તો સાફ સંકેત અક્ષરો માલુમ પડી આવસે.

પાછળના પ્રકરણમાં ગંજીફાના અમે પુષ્કળ ખેલો આપી ગયા છીએ હુવે મદારીઓના તથા કેટલીક પરચુરણ બાબતોના ખેલોના ખુલાસા આપવાના ઉચીત ધારી. તેમ કરીએ છીએ.

પ્રકરણ ૩ જું.

મદારીઓના ખેલોના તથા પરચુરણ ઉપયોગી બાબતોના ખુલાસા.

ધુલમાંથી રૂપિયો બનાવવાની ક્રિયા.

આ રમત સર્વ જોયેલ હસે. મદારી ચપટી ભરીને ધુલ ભોંયપરથી લેછે. અને તેને પોતાની હથેળીમાં મુકી મુંઠીવાળે છે. અને તે મુંઠીપર પોતાનો બીજો હાથ ઢાકીને મુઠી ઉઘાડે છે. એટલે તેમાંથી રૂપયો નીકળે છે.

ખુલાસો—આ ક્રિયા કરવાને સારૂ મદારી પ્રથમ પોતાની ઝોળીમાંથી કોઇ ન દખે તેમ એક રૂપિયો પોતાના જમણા હાથમાં અંગુઠાની હેઠળની હથેળીની આંટીમાં દાબી પછી તેજ હાથમાં જાદુઇ લાકડી પકડે છે. કે જેથી કરીને રૂપિયો વધારે સહેલાઇથી દબાઇ રહે. ધુળ લઇને મદારી પોતાના ડાબા હાથની હથેળીમાં મુકે છે. તેમાં બીલકુલ ક્રિયા નથી પરંતુ તે હાથની મુઠી વાળતી વેળાએ. પોતાનો જમણો હાથ ઠોકે છે. તેજ વખતે પેલો આંટીમાં છુપાવેલ રૂપિયો ડાબા હાથની અંદર નાખે છે. પછી તે મુઠી બંધ રાખીને કેટલીક ઢોંગ કર્યા બાદ મુઠી ઉઘાડતાંજ સઘળાઓને રૂપિયો દેખાય છે.

કોથળીમાં નાંખેલ રૂપિયો ગુમ ક-

રવાની ક્રિયા.

મદારી એક રૂપિયો લઇને એક કપડાની કોથળીની અંદર નાંખેછે અને તે ઊંધી વાળે છે અને અજળી કરી બતાવે છે તોપણ રૂપિયો માલુમ પડતો નથી. અને ગુમ થયેલ લાગે છે.

ખુલાસો—આ ક્રિયાને સારૂ મદારી જે કોથળી વાપરે છે, તેને અંદરથી બે પડ કરેલ રાખે છે. અને મદારી યુક્તિથી રૂપિયો કોથળીની અંદર નાંખે છે કે તે રૂપીઆ પેલા અંદરના પડમાં જાય. પછી કોથળીને ઊંધી વાળે છે. તો રૂપિયો અંદરના પડમાં કોથળીના મથાળા સુધી દોડી જાય છે; એટલે ઉંધી વાળતાં કંઇ માલુમ પડતું નથી. વળી જ્યારે મદારી કોથળીને ઉલટાવીને

અવળી કરે છે ત્યારે પણ કંઇ માલુંમ પડતું નથી કારણ જે જગાએથી મદારી પેલી કોથળીને પોતાની ચીમટીમાં પકડે છે. તે જગાએ રૂપિયો હોય છે. અને પહેલ વહેલો રૂપિયો પોતાને ચીમટીમાં દાબીને કોથળીને અફાળે છે. તો ખરેખર તેમાંથી કંઇ પણ નજરે આવતું નથી.

લખોટીઓની રમત કરવાની ક્રિયા.

મદારી પોતાની ઝોળીમાંથી પ્રથમ કેટલીક લખોટીઓ જુદા જુદા રંગની કાઢી જમીનપર મુકે છે. અને પ્રથમ ત્રણ ત્રણ લખોટીઓને એક એક ઢાંકણાવતી ઢાંકી કાઢે છે. પછી પોતાની જાદુઇ લાકડી તેપર અડકાડી ઢાંકણાં ઉઘાડે છે તો કોઇ ઠેકાણું ચાર કોઇ ઠેકાણે

બે બે માલુમ પડે છે. મદારી ફરીને ઢાંકણાં ઢાંકી ઉઘાડે છે તો સઘળે ઠેકાણે બબેજ જોવામાં આવે છે. ફરી ઢાંકણાં ઢાંકી ઉઘાડે છે તો કોઇ જગાએ ખાલી અને કોઇ જગાએ માત્ર એક એકજ જોવામાં આવે છે.

ખુલાસો—આ ક્રિયા માટે બહુજ હાથ ચાલાકી વાપરવાનો મદારી ઉપયોગ કરે છે. મદારી પોતાના જમણા હાથનીબેને વચ્ચેની આંગળીઓ બહુ વાપરે છે. તે એવી રીતે કે દરેક ઢાંકણું ઢાંકતી વખતે ઉપલી આંગળીની મદદથી એક યા બે લખોટી ઉચકીને પોતાની આંટીમાં ઘાલે છે. અને જે ઢાંકણા નીચે વધારે એકઠી બતાવવી હોય ત્યાં ઉપરનાંજ આંગળાંની મદદથી ગોઠવી દેછે; અને જે કોઇ વાર ઝોળીમાં પણ ગોઠવણ કરી દેછે. જેથી ઓછી સંખ્યા ઢાંકણાં તળે લાગે

છે. એ હાથ ચાલાકી એવી તો ચાલે છે કે મદારીના પોતાના પાસેથી પણ ખુલાસો લેતાં જોનાર એકા એક સીખી શકતો નથી.

દોરીપર દડા ચડાવવાની ક્રિયા.

આ રમત કરવાને મદારી પોતાના હાથમાં એક કમાન પકડે છે અને તેને એક બીજાથી થોડી થોડી દુર બે દોરીઓ બાંધવામાં આવે છે. પછી મદારી તે કમાનને પોતાના હાથમાં સીધી પકડી પોતાની મુઠી અગાડીથી પલી દોરાઓપર એક દડો મુકે છે. અને પછી પોતે ગોળ ચકર ફરે છે. એ રીતે ચાર પાંચ વખત ગોળ ચકર ફરવાથી પેલો દડો પોતાની મેળે પેલી દોરીઓપર ચડવા લાગે છે. તેજ વખતે મદારી

બીજાદડા દોરીઓપર મુકે છે અને પછી બીજા બેચાર ગોળ ચક્કર ફરવાથી તે દડાપણ દોરીઓપર ચડીજાય છે. અને જ્યારે મદારી તેમને હુકમકરે છે ત્યારે નીચે ઉતરી જવાલાગે છે. તથા ફરીને ચડવાનો હુકમ કરતાં ચડવા માંડે છે.

ખુલાસો—આ ક્રિયા માટે બીલકુલે હાથ ચાલાકી ઉપયોગમાં આવતી નથી. તેમાં તો એક ઇશ્વરી કુદરતીજ છે. જોકોઇ જોનાર સખસ મદારીના હાથમાંની દોરી સુધાંતની કમાન હાથમાં લઇને તેનીજ માફક ગોળ ફરેતો દડાઓ ચડવા ઉતરવા લાગે છે. માટે આક્રિયામાં કંઇ પણ ગુપ્ત હિકમત નથી. પરંતુફક્ત ઇશ્વરી કુદરતીના કાયદાની માહીતી મેળવીને મદારીઓ અજાણ્યા માણસોને તાજુબ કરે છે.

રૂમાલનો સાપ બનાવવાની ક્રિયા.

મદારી લોકો સાપ રાખવાની એક ખાલી ટોપલી સર્વને બતાવે છે તેમાં એક રૂમાલ સાપના ગુંચળાની માફક વાળીને મુકે છે. ને તે ટોપલી કરે છે. ને તેપર કેટલોક વખત જુદી જુદી યુક્તિયો કર્યા બાદ ને ટોપલીનું ઢાંકણું ઉઘાડે છે. તો અંદરથી જીવતો સાપ દેખાય છે.

ખુલાસો—મદારી જે જગાએ બેઠેલો હોય છે. તે જગાએ એક પાળેલ સાપ કપડાની કોથળીમાં બંધ કરીને તેને પોતાની ઝાંગની નીચે દાબી રાખે છે. પછી જ્યારે તે પેલી ખાલી ટોપલીની અંદર રૂમાલ મુકે છે. ને તેપર ઢાંકણું તથા કપડું ઢાંકે છે. તે વખતે તે

પોતાની કોથળીનું મોઢું તે ટોપલી સાથે મળતું કરે છે. તેથી ઘણા લોકો એમ સમજે છે કે ઝોળીમાંથી સાપને ટોપલીમાં મુકયો છે. તેથી જોનારાઓ ઘણીક વાર તે ઝોળી દુર મુકાવે છે. અને ટોપલી ફરીને ઉઘડાવી જુવે છે ત્યારે એજ આગળ બતાવવા દે છે. પરંતુ તે સઘળી હુકીકત મદારીને જોનારાઓનું ધ્યાન ચુકાવવાની હોય છે. તે હરેક યુકિતથી જોનારાઓની નજર સંભાળીને પેલી ટોપલીપર કપડું ઢાંકીને પછી પોતાની ઝાંગની નીચેની સાપની કોથળી કાહે છે. અને તે કોથળી પેલી ટોપલીની અંદર ખાલી કરે છે અને ત્યાર પછી જયારે તે ટોપલી ઉઘાડે છે. ત્યારે ખરેખર જોનારાઓને રૂમાલનો સાપ થયેલ દેખાય છે.

સમાપ્ત.

તાકીદે નામ નોંધાવી ગ્રાહક થઇ અમુ-
લ્ય લાભ મેળવો.

ધી રેડી મેજીક ટીચર

યાને

જાદુ શિક્ષક

ભાગ ૨ જો.

કેટલાક ખાસ કારણોના લીધે અમે અમારા પ્રયાસમાં પુરતા ફતેહમંદ નીવડી સક્યા નથી. કારણ પ્રથમ ભાગમાં સર્વે ખેલો આપી પુસ્તકનું કદ જેમ બને તેમ મોટું કરવાનો હેતુ હતો; પરંતુ ઠરેલ મુદત પ્રમાણે પુસ્તક બહાર પાડવાને બહુ લાંબી મુદત થાય એમ ધારી પ્રથમ ભાગ બનતી ઉતાવળે બહાર પા-

.યો છે. જેમાં કેટલાક દોસો રહી ગયા હશે. તો વાંચક માફ કરશે. આવા કેટલાક કારણોના લીધે બીજો ભાગબહાર પાડવાની જરૂર રહીછે. તેમાંના દરેક ખેલો અકલને હેરત પામાડે અને મનને આનંદ આપે તેવા છે. તેમાંનાં કેટલાકનાં નામ નીચે આપીએ છીએ.

હુકમ પ્રમાણે પાનાનુ ડબીમાંથી નીકલવું. ભવિષ્ય જાણનાર જાદુઇ ખોપરી જાદુઇ આરસીનો ભેદ ભરેલો ચમત્કાર. ગંજીફાને બાળી ઝાડપર બોલાવવાં. બંદુકની ગોળી ઝલવી. જાદુઈ ઇંડુંને જીવના પક્ષિની કરામત. હુકમી બાટલી અને તાબેદાર ગ્લાસ. ખાલી ફાનસમાંથી રૂમાલનું નીકળવું. બોર્ડપર રૂપિયાનું ચોટવું રૂમાલની અમર મુંસાફરી વિગેરે જેવા લગભગ (૪૦) ચાલીસ તથા બીજા (૫૦) સા-

૪ઠ મલી સો ખેલો દાખલ કરવાના છે.

આપે આજ સુધીમાં જેજે મેજીકના ખે-લોની વાતો સાંભળી હસે અગર જોયા પછી અજાયબીમાં પડયા હશો તે આ પુસ્તક ખ-રીદ કરવાથી દ્રષ્ટી તલે આવેલ જોશો. માટે તાકીદે નામ નોંધાવી ગ્રાહકથાઓ

કોઇ પણ જાતનો જાદુઇ સામાન મંગા-વેથી તૈયાર કરી તુરતજ મોકલવામાં આવશે. કેજેની કીમત બહુજ કીફાયતા લઇસું.

હમારે તરફથી દરેક જાતના રબર સ્ટામ્પો જેવાકે ડેટીંગ સેલ્ફ ઇન્કીંગ. કીપટૉપ—લૉકેટ. ચેઇન પેનડંન્ટ અને તરેહવાર રીંગસ્ટૉમ્પો સારા મજબુત અને ટકાઊ બહુજ કીફાયતથી તાકીદે મોકલશું.

કોઈ પણ જાતના ઘડીઆળો. બુકસ. સ્ટે-

સઘળી સામાન અગર જોઈતી ચીજો માટે અમને લખી ખુલાસો મંગાવવો

જવાબમાટે રીપ્લાઈ કાર્ડ અગર ટીકીટ મોકલવી. દરેક સામાન વી-પી-થીજ મોકલવામાં આવે છે. એક વખત અમારી પાસેથી કોઈ પણ માલ મંગાવી ખાત્રી કરો

ફોટોગ્રાફર મોહનલાલ આર-ઉપાધ્યાય.

સીધપુર.



જાહેર ખબર.

[illegible]

[illegible]

ભાગ ૧ લો [illegible]

[illegible]

[illegible]

[illegible] ઉપાધ્યાય

[illegible]

[illegible] બી. ત્રિવેદી.

[illegible]